
Thursday, 26 November 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥



દરેક જાતિ કે રાષ્ટ્ર ખાલી તલવારથી હીરો નથી બની જતું, રક્ષણ માટે તલવાર જરૂરી છે, પરંતુ રાષ્ટ્રની પ્રગતિ તેની નૈતિકતાથી જ માપી શકાય છે.
- સરદાર વલ્લભભાઈ પટેલ

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૩૩૧ ● સંવત-૨૦૮૩ કારતક વદ બીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

દાનહ જિલ્લા પ્રશાસને ફરી એકવાર સેલવાસ-ખાનવેલ રોડ પર ડિમોલિશન પ્રક્રિયા હાથ ધરી

પહેલાં પણ નુકસાન ભોગવી ચુકેલા અસરગ્રસ્તોના માથે દુઃખનો પહાડ, તંત્રએ કોઈપણ પ્રકારનું વળતર આપવાની કે જગ્યા આપવાની વાત નહીં કરતાં 'જાયે તો જાયે કહાં?' જેવી સર્જાયેલી સ્થિતિ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૫

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના દાદરા નગર હવેલી જિલ્લા પ્રશાસન દ્વારા આજે સેલવાસ-ખાનવેલ રોડ સ્થિત મસાટ વિસ્તારમાં રસ્તાની આજુબાજુમાં આવેલી દુકાનો અને ઘરોનું જોસેફ સિરિલ બેમફોર્ડ(જેસીબી) મશીન દ્વારા ડિમોલીશન કામગીરી શરૂ કરવામાં આવી હતી.

પ્રશાસન દ્વારા હાથ ધરાયેલી ડિમોલીશનની પ્રક્રિયાની અસરગ્રસ્ત સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે અગાઉ પણ આ મેઈન રોડ ત્રીસ મીટર પહોળો કરવાની વાત ચાલતી હતી, જેથી અમે સ્વૈચ્છાએ ડિમોલિશન કર્યું હતું. પરંતુ હાલમાં ફરી પાછો પ્રશાસનને ૩૮ મીટર પહોળો રસ્તો બનાવવો છે. જેના કારણે અમારી દુકાનો અને ઘરોનું ડિમોલિશન કરવામાં આવી રહ્યું છે. પ્રશાસન દ્વારા અસરગ્રસ્તોને કોઈપણ પ્રકારનું વળતર પણ આપવામાં આવી રહ્યું નથી અને પોતાની મન-મરજીપૂર્વક ડિમોલીશનની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવેલ છે. જેથી અમારી તો રોજગારી પણ જતી રહી છે અને ઘરો પણ છીનવાઈ જતાં ભારે આર્થિક નુકસાન થવા સાથે નીચે ધરતી અને ઉપર આકાશ જેવી સ્થિતિ સર્જાવા પામી છે. ત્યારે તંત્ર દ્વારા વારંવાર બેદખલ કરીને નિઃસહાય બનાવવામાં આવી રહેલા પરિવારોનું કોઈ બેલી નથી?! શું આ રીતે દેશ વિકસિત બનશે? એવા પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે.

દમણ જિલ્લા પ્રશાસન દ્વારા ૨૬ અને ૨૭ નવે.૨૦૨૬ના રોજ સિવિલ ડિફેન્સ એર રેઈડ/બ્લેકઆઉટ મોક કવાયત યોજવામાં આવશે

આજે બપોરે ૧૨:૦૦ વાગ્યે સાયરનનું પરીક્ષણ કરવામાં આવશે, સાયરન પરીક્ષણ દરમિયાન કોઈએ પણ ગભરાવું કે ભયભીત થવું નહિ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૫

જિલ્લા પ્રશાસન, દમણ દ્વારા કટોકટીની પરિસ્થિતિમાં પ્રતિસાદ આપતા અધિકારીઓ અને કર્મચારીઓ તથા વિવિધ સંબંધિત હિતધારકોના સંકલનથી, કટોકટીની પરિસ્થિતિમાં સજ્જતા, પ્રતિસાદ ક્ષમતા અને વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન વધુ મજબૂત બનાવવાના હેતુથી તા.૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૦૬:૦૦ વાગ્યાથી સિવિલ ડિફેન્સ એર રેઈડ/બ્લેકઆઉટ મોક કવાયત યોજવામાં આવશે.

તમામ લોકોને જાણ કરવામાં આવે છે કે, આગામી મોક કવાયતની પૂર્વ તૈયારીના ભાગરૂપે તા.૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે સાયરનનું પરીક્ષણ કરવામાં આવશે. તેથી વિનંતી છે કે, સાયરન પરીક્ષણ



સાંકેતિક તસવીર

દરમિયાન કોઈએ પણ ગભરાવું નહિ કે ભયભીત થવું નહિ. કારણ કે, આ માત્ર સાયરન સિસ્ટમની ચકાસણી છે અને તેનો કોઈ વાસ્તવિક કટોકટીની પરિસ્થિતિ સાથે સંબંધ નથી.

તા.૨૭મી નવેમ્બર, ૨૦૨૬ના રોજ મોક કવાયત દરમિયાન સાયરનના સંકેતો આ પ્રકારના રહેશે. (૧)મોક કવાયતની શરૂઆતઃ મોક ડ્રિલ શરૂ થવાનો સંકેત આપવા માટે એક વખત સતત બે મિનિટ સુધી લાંબો સાયરન વગાડવામાં આવશે. (૨)મોક કવાયતની પૂર્ણાહુતિઃ મોક કવાયત પૂર્ણ થવાનો સંકેત આપવા માટે એક વખત લાંબો સાયરન વગાડવામાં આવશે.

તમામ નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, મોક કવાયત દરમિયાન શાંતિ અને સંયમ જાળવે, કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન નહિ આપે તેમજ અફવાઓ ફેલાવવાથી દૂર રહે. આ ઉપરાંત જિલ્લા પ્રશાસન તથા કવાયતમાં ભાગ લેનાર તમામ એજન્સીઓને સંપૂર્ણ સહયોગ આપે.

આ કવાયતનું આયોજન કટીકટીની પરિસ્થિતિમાં વહીવટી સજ્જતાનું મૂલ્યાંકન કરવા, પ્રતિસાદ વ્યવસ્થાની કાર્યક્ષમતા ચકાસવા તથા વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલન વધુ મજબૂત બનાવવાના હેતુથી કરવામાં આવી રહ્યું છે. આ કવાયતના સફળ આયોજન માટે તમામનો સહયોગ ખુબ આવશ્યક છે.

'ચૂંટણી સાક્ષરતા ક્લબ (ELCs)' દ્વારા દમણ-દીવમાં નિબંધ અને ક્વિઝ સ્પર્ધાનો પ્રારંભ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૫

શાળાઓ અને કોલેજોમાં 'ચૂંટણી સાક્ષરતા ક્લબ (ELCs)' ભવિષ્યના અને યુવા મતદારોમાં જાણકાર અને સહભાગી સંસ્કૃતિ બનાવવા માટે એક મુખ્ય પ્લેટફોર્મ છે. આ જોડાણને વધુ ગાઢ બનાવવા માટે, ૨૫ નવેમ્બર ૨૦૨૬ થી ૧૧ ડિસેમ્બર ૨૦૨૬ સુધી દમણ અને દીવમાં નિબંધ સ્પર્ધા અને ક્વિઝ સ્પર્ધા સંસ્થાઓ અને જિલ્લા સ્તરે યોજાશે.

સ્પર્ધાઓ ELCs દ્વારા આયોજિત કરવામાં આવશે અને દમણ અને દીવના UTમાં ELC ધરાવતી શાળાઓ અને કોલેજોના તમામ વિદ્યાર્થીઓ માટે ખુલ્લી રહેશે.

સ્પર્ધાઓઃ

નિબંધ સ્પર્ધાઃ (૧) શુદ્ધ મતદાર યાદીનું મહત્ત્વ (૨)મતદાનનું મહત્ત્વ. **ક્વિઝ સ્પર્ધાઃ** જેમાં મતદાર યાદીની તૈયારી, EVM અને VVPAT, મતદાન પ્રક્રિયા અને ગણતરી પ્રક્રિયાને આવરી લેશે.

વધુ જાણકાર અને જવાબદાર પેઢી બનાવવા માટે યુવા મનમાં સર્જનાત્મકતા, જ્ઞાન અને વિવેચનાત્મક વિચારસરણીનું સંવર્ધન હેતુ આ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

દાનહ અને દમણ-દીવની દિકરી નામી પટેલે આંતરરાષ્ટ્રીય તાઈક્વોન્ડો ચેમ્પિયનશિપમાં પ્રથમ મેડલ જીતી રચ્યો ઈતિહાસ

આંતરરાષ્ટ્રીય ગ્રાન્ડ માસ્ટર અને ઈન્ડિયા તાઈક્વોન્ડોના ડિરેક્ટર ગ્રાન્ડ માસ્ટર લીએ કુ. નામી પટેલને એનાયત કરેલો વિજય મેડલ

તાઈક્વોન્ડો એસોસિએશન ઓફ દાદરા નગર હવેલી અને દમણ - દીવના તમામ હોદ્દેદારો અને સભ્યોએ કુ. નામી પટેલ સહિત સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ખેલાડીઓ પાઠવેલા અભિનંદન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પુણે, તા.૨૫

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના રમતગમત ક્ષેત્ર માટે અત્યંત ગૌરવ અને આનંદની ક્ષણ છે. કેન્દ્રશાસિત પ્રદેશની પ્રતિભાશાળી તાઈક્વોન્ડો ખેલાડી કુ. નામી પટેલે પુણે, મહારાષ્ટ્ર ખાતે તા.૨૧ થી ૨૬ નવેમ્બર ૨૦૨૬ દરમિયાન યોજાયેલી પ્રથમ આંતરરાષ્ટ્રીય તાઈક્વોન્ડો ચેમ્પિયનશિપ (G-1)માં આંતરરાષ્ટ્રીય મેડલ જીતીને સમગ્ર સંઘપ્રદેશનું નામ રોશન કર્યું છે.

કુ. નામી પટેલની આ સિદ્ધિ કેન્દ્રશાસિત પ્રદેશના તાઈક્વોન્ડો ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન છે. તેમની આ સફળતાથી સમગ્ર રમતગમત ક્ષેત્રમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છવાયો છે. આ સિદ્ધિ તેમની મહેનત, શિસ્ત, સમર્પણ અને સતત અભ્યાસનું પરિણામ છે.

આ શાનદાર સિદ્ધિ બદલ તેમની કોચ ફિલિયા થોમસે કુ. નામી પટેલને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે દાનહ અને દમણ - દીવમાંથી આ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ખેલાડીઓના પ્રયત્નોની પણ પ્રશંસા કરી હતી.

કોચ ફિલિયા થોમસે ખાસ કરીને કુ. નામી પટેલની સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, કુ. નામી એક અત્યંત મહેનતુ, શિસ્તબદ્ધ અને સમર્પિત ખેલાડી છે. તે પોતાની તાલીમ પ્રત્યે હંમેશાં ગંભીર રહે છે અને નિયમિતપણે સખત મહેનત કરે છે. તેમણે કુ. નામીના માતા-પિતાનો પણ વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો, જેમણે પોતાની દીકરીની રમતગમતની સફરમાં સતત સહયોગ, પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

આ અવસરને વધુ ગૌરવપૂર્ણ બનાવતાં આંતરરાષ્ટ્રીય ગ્રાન્ડ માસ્ટર અને ઈન્ડિયા તાઈક્વોન્ડોના ડિરેક્ટર ગ્રાન્ડ માસ્ટર લીએ કુ. નામી પટેલને વિજય મેડલ એનાયત કર્યો હતો. ગ્રાન્ડ માસ્ટર લીએ તમામ ખેલાડીઓના પ્રદર્શનની પ્રશંસા કરી હતી અને ભવિષ્યમાં શક્ય હોય તો દાદરા નગર હવેલી અને દમણ-દીવની મુલાકાત લઈને સ્થાનિક ખેલાડીઓને તાલીમ અને માર્ગદર્શન આપવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી.

તાઈક્વોન્ડો એસોસિએશન ઓફ દાદરા નગર હવેલી અને દમણ - દીવના તમામ હોદ્દેદારો અને સભ્યોએ કુ. નામી પટેલ સહિત સ્પર્ધામાં ભાગ લેનારા તમામ ખેલાડીઓ અને તેમના કોચને હાર્દિક અભિનંદન, શુભેચ્છાઓ અને આશીર્વાદ પાઠવ્યા હતા.

કુ. નામી પટેલની આ આંતરરાષ્ટ્રીય સફળતા કેન્દ્રશાસિત પ્રદેશના યુવા ખેલાડીઓ માટે પ્રેરણારૂપ છે. તેમની આ સિદ્ધિથી આવનારી પેઢીના ખેલાડીઓને તાઈક્વોન્ડો ક્ષેત્રે આગળ વધવા અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવવાની પ્રેરણા મળશે.

કુ. નામી પટેલને આ ઐતિહાસિક સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન. તેમણે આંતરરાષ્ટ્રીય મંચ પર દાદરા નગર હવેલી તથા દમણ - દીવનું ગૌરવ વધાર્યું છે.

દુઃખદ અવસાન/બેસણું



દિલગીરીપૂર્વક જણાવવાનું કે મારા માતૃશ્રી

સ્વ. ઝરીન એરેચ દમણિયાનું

25/11/2026 ના રોજ દુઃખદ અવસાન થયું છે.

અહુરા મઝદા/પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

બેસણું
તારીખ: 27/11/2026, શુક્રવાર
સમય: સાંજે 5.15 થી 6.30 સુધી

સ્થળ
પારસી અગિયારી, નવી ઓરી,
ધોબીવાડ, નાની દમણ

શોકાકુલ
અસ્પી દમણિયા અને સમસ્ત
દમણિયા પરિવાર (નાની દમણ)



સુવિચાર - સદ્‌વિચાર

જીતનો આનંદ ત્યારે જ મળે, જ્યારે તમે હારનો સ્વાદ ચાખ્યો હોય, દરેક હાર એક પાઠ છે.

કવિતા

દર્દના દરિયામાં ડૂબી જાઉં છું

દર્દના દરિયામાં ડૂબી જાઉં છું,
થઈને પરપોટો વિસર્જન થાઉં છું.

તર્જની છેડે છે દિલના તારને,
કોઈ ગવરાવે અને હું ગાઉં છું.

શોધતો રહું છું હું મુજ અસ્તિત્વને,
ગેબમાં ગોફણ બની વીંઝાઉં છું.

બંધ મુઠ્ઠીનો ભરમ ખૂલી ગયો,
શબ્દની સાંકળ વડે બંધાઉં છું.

આપણો સંબંધ લીલું પાન છે,
વૃક્ષ માફક ચોતરફ ફેલાઉં છું.

રાહબર થઈ તું જ દોરે છે છતાં,
કમનસીબી છે કે ઠોકર ખાઉં છું.

જે વહી ગઈ એ ક્ષણોને શું કહું!
અંજુમનમાં એકલો પસ્તાઉં છું.

ઘુંટ કો' પાઈ ગયું છે એ રીતે,
હું જ મારામાં છલકતો જાઉં છું.

- બટુકરાય પંડ્યા

આજની જોક

રાકેશ : 'મિતેશ, યાર તારી પત્ની તો બહુ જ ઠીંગણી છે.'
મિતેશ : 'હા, પણ મારા પિતાજી કહેતા કે મુસીબત જેટલી નાની હોય તેટલું સારું!

કબીર વાણી



ભારી કહું તો મેં ડરૂં, હલકા કહું તો જીઠ;
મેં કયા જાનું રામકો, નૈના કબહું ના દીઠ.

- અર્થાત-

ઈશ્વર ભારી છે એમ કેહેતાં હું બીહું છું-જો હલકો છે કરી કહું, તો તે મશકરી કરવા જેવું. યાને જુઠું કહ્યા બરાબર છે-કબીરજી કહે છે કે હું શું જાણું કે ઈશ્વર કેવો છે, કારણ મારી આ ખાકી આંખોએ તેને કદી જોયો નથી-અર્થાત કે પરમાત્મા આ આંખોએ દેખાતો નથી, પણ તેને અંતઃકરણમાં જ ઓળખાવાનો છે.

ચાણક્ય ઉવાચ



વિદ્યા દદાતિ વિનયમ્ ।

-અર્થાત-

વિદ્યા વ્યક્તિને વિનમ્રતા (નમ્રતા) આપે છે.

આજનો દિન વિશેષ

હરિ સિંહ ગૌર

સર હરિ સિંહ ગૌર FRSL (૨૬ નવેમ્બર ૧૮૭૦ - ૨૫ ડિસેમ્બર ૧૯૪૯) એક પ્રતિષ્ઠિત વકીલ, ન્યાયશાસ્ત્રી, શિક્ષણશાસ્ત્રી, સમાજ સુધારક, કવિ અને નવલકથાકાર હતા. ગૌર દિલ્હી યુનિવર્સિટી અને નાગપુર યુનિવર્સિટીના પ્રથમ વાઇસ ચાન્સેલર, સાગર યુનિવર્સિટીના સ્થાપક અને વાઇસ ચાન્સેલર, બ્રિટિશ ભારતની સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીના ડેપ્યુટી પ્રેસિડેન્ટ, સંયુક્ત સંસદીય સમિતિના ભારતીય પ્રતિનિધિ, સભ્ય હતા. ભારતીય બંધારણ પરના રોયલ કમિશન સાથે સંકળાયેલી ભારતીય કેન્દ્રીય સમિતિ (જે સાયમન કમિશન તરીકે જાણીતી છે), અને રોયલ સોસાયટી ઓફ લિટરેચરના ફેલો.

હરિ સિંહ ગૌરનો જન્મ ૨૬ નવેમ્બર ૧૮૭૦ ના રોજ મધ્ય પ્રદેશ રાજ્યમાં સાગર નજીક એક ગરીબ રાજપૂત પરિવારમાં થયો હતો. પરિવારને હરિ સિંહના મોટા ભાઈ દ્વારા ટેકો આપવો પડ્યો હતો જેણે દર મહિને ૫૦ રૂપિયાનું ભથ્થું પૂરું પાડ્યું હતું. હરિસિંહના પિતા સુથાર અને ખેડૂત હતા પરંતુ યુવાન છોકરાને બંનેમાંથી કોઈ વેપારમાં રસ નહોતો. દસ વર્ષની ઉંમરે, હરિ સિંહે દર મહિને બે રૂપિયાની શિષ્યવૃત્તિ જીતી જેનાથી તે સાગરમાં રાત્રિ શાળામાં ભણવા સક્ષમ બન્યા.

બ્યુટી ટીપ્સ

સ્ત્રીઓ માટે શિયાળાના સ્વેટર પસંદ કરવાનું તમારા સ્થાનિક તાપમાન, લેયરિંગ જરૂરિયાતો અને પસંદગીના ફેબ્રિક પર આધાર રાખે છે. હળવા નીટ, કોટન બ્લેન્ડ અને કાર્ડિગન્સ હળવા શિયાળા અથવા ઇન્ડોર એસી જગ્યાઓ માટે યોગ્ય છે, જ્યારે ભારે ઊન, ઊન બ્લેન્ડ અથવા ફ્લીસ-લાઇનવાળા નીટ ઠંડા હવામાન માટે વધુ સારા છે.

શિયાળાના સ્વેટર પસંદગીઓ :

- શિયાળા માટે પટોલાસ્વેગ મહિલા સ્વેટર (સફેદ અને ગ્રે)
- સ્ટાઇલ અને ફિટ: સફેદ અને ગ્રે કલર-બ્લોક પેટર્ન અને ફુલ સ્લીવ્સ સાથે રિલેક્સ્ડ, સ્ટ્રેચેબલ ફિટ.
- **ફેબ્રિક અને હૂંફ:** ફર-ટેક્સ્ચર વૂલન ફેબ્રિક વધુ પડતું ભારે અનુભવ્યા વિના હૂંફાળું હૂંફ માટે રચાયેલ છે.
- પેન્ટાલૂન્સ મહિલા મોક નેક ફાઇન નીટ સ્વેટર (સફેદ)
- **સ્ટાઇલ અને ફિટ:** સરળ લેયરિંગ અથવા સ્ટેન્ડઅલોન વસ્ત્રો માટે મોક નેક, લાંબી સ્લીવ્સ અને રિબ્ડ એજ સાથે સ્લિમ-ફિટ પુલઓવર.

હવામાન અનુસાર વજન મેળવો હળવા હવામાન માટે હળવા ગૂંથેલા કપડાં અથવા કાર્ડિગન્સ અને ઠંડા વાતાવરણ માટે ભારે ઊન, ફ્લીસ લાઇનિંગ અથવા હાઇ નેક પસંદ કરો.

- **લેયરિંગ ફિટ તપાસો:** સ્લિમર મોક નેક અથવા ફાઇન ગૂંથેલા કપડાં જેકેટ્સ અથવા કોટ્સની નીચે સરળતાથી લેયર થાય છે, જ્યારે ચંકી અથવા રિલેક્સ્ડ ગૂંથેલા કપડાં તેમના પોતાના પર સારી રીતે કામ કરે છે.
- **નીટવેરની સંભાળ:** સંભાળ લેબલનું પાલન કરો—ઘણા ઊન અને ગૂંથેલા કપડાં ઠંડા પાણીમાં હાથથી ધોવા અને સીધી ગરમી અથવા સૂર્ય-કાશથી દૂર સપાટ સૂકવવા શ્રેષ્ઠ છે.

રાજસ્થાન જિલ્લા પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસનો દબદબો, ૩૭માંથી ૨૪ બેઠકો પર જીતઃ ભાજપને મોટો ઝટકો



મુખ્યમંત્રી ભજનલાલ શર્માના ગૃહનગર ભરતપુરમાં પણ ભાજપની હાર, કોંગ્રેસનાં રેણુ બાલા જિલ્લા પ્રમુખ બન્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)

જયપુર, તા.૨૫

રાજસ્થાનના રાજકારણમાં જિલ્લા પરિષદના પ્રમુખ પદની ચૂંટણીનાં પરિણામોએ રાજકીય ગરમાવો વધારી દીધો છે. ૨૫ નવેમ્બરે જાહેર થયેલા પરિણામોમાં કોંગ્રેસે શાનદાર પ્રદર્શન કરીને કુલ ૩૭ જિલ્લાઓમાંથી ૨૪ જિલ્લાઓમાં જિલ્લા પ્રમુખ પદ મેળવ્યાં છે. બીજી તરફ, સત્તાધારી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) માત્ર ૧૦ જિલ્લાઓમાં જ જીત મેળવી શકી છે. આ પરિણામને ભાજપ માટે મોટો રાજકીય ઝટકો માનવામાં આવી રહ્યો છે. જિલ્લા પ્રમુખની ચૂંટણીમાં કોંગ્રેસે ભાજપ કરતાં નોંધપાત્ર સરસાઈ મેળવી છે. રાજ્યમાં કોંગ્રેસના ઉમેદવારોએ ૨૪ જિલ્લાઓમાં જીત મેળવીને સંગઠનાત્મક મજબૂતી દર્શાવી છે. ભાજપને ૧૦ જિલ્લાઓમાં સફળતા મળી હતી.

જ્યારે ભારત આદિવાસી પાર્ટીએ બે અને રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટીએ એક જિલ્લામાં જીત મેળવી હતી. એક બેઠક પર બંને પક્ષોના ઉમેદવારોને સરખા મત મળતાં લોટરી દ્વારા નિર્ણય કરવામાં આવ્યો હતો, જેમાં ભાજપના ઉમેદવાર વિજેતા જાહેર થયા હતા.

આ ચૂંટણીનું સૌથી ચર્ચાસ્પદ પરિણામ ભરતપુર જિલ્લામાં જોવા મળ્યું હતું. મુખ્યમંત્રી ભજનલાલ શર્માના ગૃહનગરમાં જ ભાજપને હારનો સામનો કરવો પડ્યો હતો. અહીં કોંગ્રેસનાં ઉમેદવાર રેણુ બાલા જિલ્લા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યાં હતાં. ચૂંટણીમાં રેણુ બાલાને ૧૭ મત મળ્યા હતા, જ્યારે ભાજપના ઉમેદવારને ૧૪ મત મળ્યા હતા. આ પરિણામે રાજસ્થાનના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

રાજ્યભરમાં અપેક્ષા કરતાં નબળા પરિણામો છતાં ભાજપ કેટલાક જિલ્લાઓમાં જીત મેળવવામાં સફળ રહ્યું હતું. ઝાલાવાડમાં વર્ષા ઝાલા, બાલોતરામાં સુશીલા ભીલ, ચુરુમાં કનિકા સિંહ રાઠોડ, પ્રતાપગઢમાં હકરી મીણા અને અજમેરમાં પૂજા ભણસાલી જિલ્લા પ્રમુખ તરીકે ચૂંટાયાં હતાં.

ચૂંટણીનાં પરિણામો બાદ પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગેહલોતે ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે પંચાયત સમિતિઓમાં મળેલી હાર બાદ ભાજપના નેતાઓએ જનતા સમક્ષ પોતાની હાર સ્વીકારવી જોઈએ. તેમણે કટાક્ષ કરતાં કહ્યું હતું કે હાર બાદ પણ ભાજપના નેતાઓનો અહંકાર ઓછો થયો નથી.

જિલ્લા પ્રમુખની ચૂંટણી બાદ હવે ૨૬ નવેમ્બરે ઉપ-જિલ્લા પ્રમુખ પદ માટે ચૂંટણી યોજાવાની છે. આ ચૂંટણીમાં જિલ્લા પરિષદના ચૂંટાયેલા સભ્યો ભાગ લેશે. રાજસ્થાનના ગ્રામીણ રાજકારણમાં જિલ્લા પ્રમુખ અને ઉપ-જિલ્લા પ્રમુખનાં પદો મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

આમ, રાજસ્થાન જિલ્લા પરિષદની ચૂંટણીમાં કોંગ્રેસે ૨૪ જિલ્લાઓમાં જીત મેળવીને પોતાની રાજકીય સ્થિતિ મજબૂત બનાવી છે, જ્યારે ભાજપ માટે આ પરિણામો આત્મમંથનનો વિષય બન્યા છે. હવે સૌની નજર ૨૬ નવેમ્બરે યોજાનારી ઉપ-જિલ્લા પ્રમુખની ચૂંટણી પર ટકેલી છે.

ગિરનાર પરિક્રમામાં પ્લાસ્ટિકનો ઉપયોગ ભારે પડ્યો, ૧૭૧ ગુનામાં ૫.૪૬ લાખનો દંડ



(સંપૂર્ણ સમાચાર સેવા)

જૂનાગઢ,તા.૨૫

ગિરનારની પવિત્ર લીલી પરિક્રમા દરમિયાન પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગને રોકવા વન વિભાગ દ્વારા કડક ચેકિંગ અને કાર્યવાહી કરવામાં આવી હતી. જોકે, અનેક લોકો પ્રતિબંધિત પ્લાસ્ટિક સાથે જંગલ વિસ્તારમાં પ્રવેશતા વન વિભાગે લાલ આંખ કરી હતી.

પરિક્રમાના પ્રવેશદ્વારથી લઈને જંગલના વિવિધ વિસ્તારોમાં વન વિભાગની ટીમો, ચેકપોસ્ટ અને ફ્લાઈંગ સ્કવોડ દ્વારા સતત તપાસ હાથ ધરવામાં આવી હતી. તેમ છતાં કેટલાક શ્રદ્ધાળુઓ અને વેપારીઓ પ્રતિબંધિત પ્લાસ્ટિક સાથે જંગલમાં પ્રવેશ્યા હતા. નિયમોનો ભંગ કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

વન વિભાગે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ કુલ ૧૭૧ ગુના નોંધ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન નિયમોનો ભંગ કરનાર વ્યક્તિઓ અને વેપારીઓ પાસેથી કુલ રૂ.૫.૪૬ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ ઉપરાંત પ્રતિબંધિત પ્લાસ્ટિકનો મોટો જથ્થો જપ્ત કરીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

વન વિભાગના જણાવ્યા મુજબ જંગલ વિસ્તારમાં ફેંકવામાં આવતું પ્લાસ્ટિક વન્યપ્રાણીઓ માટે જોખમી સાબિત થઈ શકે છે. પ્લાસ્ટિક ખોરાક સાથે પ્રાણીઓના શરીરમાં પહોંચવાથી તેમના સ્વાસ્થ્ય અને જીવન સામે જોખમ ઊભું થાય છે.

આથી પરિક્રમાના તમામ માર્ગો અને પડાવો પર ચોવીસ કલાક તપાસ ચાલુ રાખવામાં આવી હતી.

બીજી તરફ, ગિરનાર પરિક્રમા પૂર્ણ થયા બાદ દામોદર કુંડને સફાઈ માટે ખાલી કરવામાં આવ્યો છે. પરિક્રમા દરમિયાન મોટી સંખ્યામાં ભાવિકોએ કુંડમાં સ્નાન કર્યું હતું. સફાઈ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૬ નવેમ્બરે કુંડમાં ફરી પાણી ભરવામાં આવશે અને તેને કાર્યરત કરવામાં આવશે.

ગુજરાતમાં કોર્ટ બહાર જ વિવાદોનો ઉકેલ

કોર્ટમાં કેસ પહોંચે તે પહેલાં સમાધાન કરાવશે ૨૪ સભ્યોની સમિતિ

મિડિયેશન એક્ટ હેઠળ સભ્યોને ૪૦ દિવસની તાલીમ, બંને પક્ષો વચ્ચે સમાધાન કરાવી કેસોનો નિકાલ લાવશે સમિતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૨૫

કોર્ટમાં પેન્ડિંગ કેસોનું ભારણ ઘટે અને વિવાદો કોર્ટમાં પહોંચે તે પહેલાં જ ઉકેલાઈ જાય તેવા ઉમદા હેતુથી ભારત સરકારે ગુજરાતમાં ૨૪ સભ્યોની એક વિશેષ સમિતિની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના આદેશથી ભારતમાં પહેલીવાર વર્ષ ૨૦૨૩માં ઘડાયેલા 'મિડિયેશન એક્ટ'ની જોગવાઈ હેઠળ આ સમિતિની નિમણૂક કરીને સમગ્ર વ્યવસ્થાને અમલમાં લાવવામાં આવી રહી છે. આ સમિતિના સભ્યો દ્વારા કેસ કોર્ટમાં જાય તે પહેલાં જ બંને પક્ષકારોને સાથે બેસાડીને સુખદ સમાધાન કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. ગુજરાતમાં મધ્યસ્થીની આ મહત્ત્વની કામગીરી કરવા માટે નિયુક્ત કરવામાં આવેલા ૨૪ સભ્યોમાં સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ અને બિઝનેસ-ઉદ્યોગ ક્ષેત્રે વર્ચસ્વ ધરાવનારા લોકોની પસંદગી કરવામાં આવી છે. આ તમામ ૨૪ સભ્યોને કાયદાકીય અને મધ્યસ્થીની પ્રક્રિયા સમજવા માટે ૪૦ દિવસની વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે. આગામી સમયમાં મધ્યસ્થીની આ સિસ્ટમ સમગ્ર ભારતમાં લાગુ કરવામાં આવશે અને મિડિયેટરે આ તમામ કેસોમાં સંપૂર્ણ ગુપ્તતા જાળવવી પડશે. વેપાર-ઉદ્યોગને લગતા કે પછી અન્ય પ્રકારના વિવાદોમાં સમિતિના સભ્યો બંને પક્ષોને સમાધાન સુધી લઈ જશે. સમાધાન થયા બાદ બંને પક્ષો પાસે એફિડેવિટ પર લખાણ કરાવી સહી-સિક્કા સાથે તે કોર્ટમાં મોકલી આપવામાં આવશે, જેના આધારે કોર્ટ તેના પર અંતિમ ઓર્ડર કરી દેશે. આ ઉપરાંત, નાના નગરો અને ગ્રામીણ સ્તરની કોર્ટમાં પહોંચેલા અને કેસોના ભારણને કારણે લાંબા સમયથી હિયરિંગ પર ન આવતા કેસોની ફાઈલો પણ આ ૨૪ સભ્યોની સમિતિને મોકલવામાં આવશે. સમિતિને આવા કેસોમાં ૧ મહિનાનો સમય આપીને સમાધાન કરાવી નિરાકરણ લાવવા જણાવવામાં આવશે. ભારત સરકારે ઘડેલો મિડિયેશન એક્ટ મધ્યસ્થીની કામગીરીને વધુ મજબૂત બનાવશે. અગાઉ જર્મની, જાપાન, ઈટાલી, નેધરલેન્ડ, કેનેડા, ન્યૂઝીલેન્ડ, બ્રાઝિલ અને સ્લોવેનિયા જેવા દેશોમાં મિડિયેશનની આ પ્રથા સફળતાપૂર્વક અમલમાં આવી ચૂકી છે, તેવી જ વ્યવસ્થા હવે ભારતમાં શરૂ થઈ રહી છે. આંકડાકીય વિગતો મુજબ, આ પ્રથાને કારણે બ્રિટનમાં ૯૨ ટકા, સિંગાપોરમાં ૮૯ ટકા અને ઑસ્ટ્રેલિયામાં ૬૬ ટકા કેસોમાં કોર્ટમાં જતાં પહેલાં જ સમાધાન થઈ જાય છે, જેનાથી ત્યાંની અદાલતોનું ભારણ નોંધપાત્ર રીતે ઘટ્યું છે.



એક આરોપીને ઓળખી બતાવતાં તપાસમાં નવો વળાંક; બે બાળકો હજુ લાપતા

બારડોલી પરિવાર હત્યા કેસમાં ૧૩ વર્ષનો કિશોર બન્યો પોલીસ માટે મહત્વપૂર્ણ કડી

કિશોરે આરોપીઓમાંથી એક શખ્સને ઓળખી બતાવ્યો હોવાનું સામે આવતા પોલીસને તપાસમાં મહત્વપૂર્ણ સુરાગ મળ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૫

બારડોલી નજીક ઉવા ગામ પાસે પરિવારના સભ્યોને નહેરમાં ફેંકી દેવાના ચકચારી કેસમાં પોલીસ તપાસ વધુ તેજ બની છે. ઘટનામાં જીવિત બચેલા ૧૩ વર્ષના કિશોરનું નિવેદન હવે તપાસ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે. કિશોરે આરોપીઓમાંથી એક શખ્સને ઓળખી બતાવ્યો હોવાનું સામે આવતા પોલીસને તપાસમાં મહત્વપૂર્ણ સુરાગ મળ્યો છે.

આરોપીઓને ઝડપી પાડવા સુરત ગ્રામ્ય પોલીસ અને મહારાષ્ટ્ર પોલીસ સહિત કુલ ૮ ટીમો કામે લાગી છે. પોલીસ માનવીય માહિતી, ટેકનિકલ સર્વેલન્સ અને અન્ય તપાસના આધારે આરોપીઓની શોધખોળ કરી રહી છે. મહારાષ્ટ્રમાં રહેતા પરિવારના સંબંધીઓ પાસેથી પણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

ઘટનામાં માતા-પિતા સહિત ત્રણ લોકોના મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે પરિવારના બે બાળકો હજુ લાપતા છે. બંને બાળકોની શોધ માટે પોલીસની ટીમો નહેર વિસ્તારમાં સતત તપાસ કરી રહી છે. સિંચાઈ વિભાગની મદદથી નહેરમાં પણ શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. પ્રાથમિક વિગતો મુજબ, પરિવારને નહેરમાં ફેંકવામાં આવ્યો ત્યારે ૧૩ વર્ષના કિશોરના હાથમાં નહેરમાં રહેલી પાઇપ આવી ગઈ હતી. પાઇપ પકડીને તે પાણીમાંથી બહાર નીકળવામાં સફળ રહ્યો હતો. ત્યારબાદ તે નજીકની હોટેલ સુધી પહોંચ્યો અને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. હવે તેનું નિવેદન અને આરોપીની ઓળખ પોલીસ તપાસમાં મહત્વપૂર્ણ કડી બની છે.

ગત ૨૧મીએ પરિવાર કારમાં સુરત તરફ મજૂરીકામ માટે જઈ રહ્યો હતો ત્યારે ઉવા ગામ નજીક અન્ય કારમાં આવેલા ચાર શખ્સોએ તેમની કારને આંતરી હતી. ત્યારબાદ પરિવારના સભ્યોને નહેરમાં ફેંકી દેવામાં આવ્યા હોવાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આ મામલે ખંડીયો, આભો, બંટી અને એક અજાણ્યા શખ્સ સામે કાર્યવાહી શરૂ કરી છે.

શોધખોળ દરમિયાન નહેરમાંથી નીતિન ઉર્ફે ભુરિયા પાટીલ, કવિતા પાટીલ સહિત ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા. પરિવારની ઓળખ બાદ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, બે બાળકોનો હજુ પત્તો મળ્યો નથી.

હાલ પોલીસ માટે આરોપીઓની ધરપકડ અને લાપતા બાળકોની શોધ સૌથી મોટો પડકાર છે. આરોપીઓ ઝડપાયા બાદ પરિવારને નહેરમાં ફેંકવા પાછળનું ચોક્કસ કારણ અને સમગ્ર ઘટનાનું રહસ્ય બહાર આવવાની શક્યતા છે.

દીવના પટેલવાડી ખાતે ગુરૂ નાનક જયંતીની ભવ્ય ઉજવણી: પાલખી યાત્રા અને મહાપ્રસાદનું આયોજન કરાયું







(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

દીવ, તા.૨૫

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના પટેલવાડી ખાતે આવેલા બરડાઈ માતાના મંદિર પરિસરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુરૂ નાનક જયંતીની ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ગુરુ નાનક જયંતીના પાવન અવસરે વહેલી સવારે બરડાઈ માતાના મંદિરેથી ભવ્ય પાલખી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને ભાવિક ભક્તો જોડાયા હતા. ભજન-કીર્તનના સૂર સાથે પાલખી યાત્રા પટેલવાડીના મુખ્ય માર્ગ પરથી ફરીને પુનઃ મંદિર પરિસરમાં આવી પહોંચી હતી.

ત્યારબાદ મંદિર ખાતે ગુરૂ નાનકજીની પૂજા-અર્ચના કરવામાં આવી હતી તેમજ પવિત્ર ગ્રંથનું પઠન યોજાયું હતું. મંદિર પરિસરમાં ભજન-કીર્તન દ્વારા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

આ પ્રસંગે બપોરે ભવ્ય મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દીવ જિલ્લા સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા અને ગુરૂ નાનકજીનાં દર્શન કરી મહાપ્રસાદનો લાભ લીધો હતો.

આમ, ધાર્મિક આસ્થા, ભક્તિ અને ભાઈચારાના સંદેશ સાથે પટેલવાડી ખાતે ગુરૂ નાનક જયંતીની ઉજવણી હર્ષોલ્લાસભેર સંપન્ન થઈ હતી.

TAT-HS મુખ્ય પરીક્ષાના પરિણામને લઈને ઉમેદવારોનો અસંતોષ હવે ઉગ્ર બન્યો, ગાંધીનગરમાં અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર,તા.૨૫

TAT-HS મુખ્ય પરીક્ષાના પરિણામને લઈને ઉમેદવારોનો અસંતોષ હવે ઉગ્ર બની રહ્યો છે. પરિણામમાં મૂલ્યાંકનની પારદર્શિતા અને ગુણની ગણતરી અંગે સવાલો ઉઠાવી રહેલા ઉમેદવારો છેલ્લા ત્રણ દિવસથી ગાંધીનગરમાં શાંતિપૂર્ણ આંદોલન કરી રહ્યા હતા. દરમિયાન બુધવારે વહેલી સવારે પોલીસે આંદોલનકારી ઉમેદવારોની અટકાયત કરતાં મામલો વધુ ચર્ચામાં આવ્યો છે.

રાજ્ય પરીક્ષા બોર્ડ (SEB) દ્વારા ૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ TAT-HS મુખ્ય પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. પરિણામ બાદ અનેક ઉમેદવારોએ મૂલ્યાંકન પ્રક્રિયા સામે સવાલો ઉઠાવ્યા છે. ઉમેદવારોના જણાવ્યા મુજબ, ગોલ્ડ મેડાલિસ્ટ, પીએચ.ડી. ધારકો અને ૧૫ વર્ષથી વધુનો શિક્ષણ અનુભવ ધરાવતા ઉમેદવારોને પણ ૨૦૦માંથી માત્ર ૮૦થી ૧૧૦ની આસપાસ ગુણ મળ્યા છે. આથી પરિણામની નિષ્પક્ષતા અંગે શંકા ઊભી થઈ છે. ઉમેદવારોએ પેપર-૧ અને પેપર-૨ના ગુણ અલગ-અલગ જાહેર કરવા, બંને પેપરની ઉત્તરવહી ઉપલબ્ધ કરાવવા અને અધિકૃત આન્સર કી જાહેર કરવાની માગ કરી છે. આ ઉપરાંત મૂલ્યાંકનના નિયમો, માપદંડો અને મૂલ્યાંકનકર્તાઓની લાયકાત અંગે પણ સ્પષ્ટતા માગવામાં આવી છે.

મુખ્ય પરીક્ષામાં કુલ ૪૭,૬૪૪ ઉમેદવારો હાજર રહ્યા હતા. જાહેર પરિણામ મુજબ ૧૬,૮૮૭ ઉમેદવારો પાસ અને ૩૦,૭૫૪ ઉમેદવારો નાપાસ થયા છે. જોકે, બંને આંકડાનો સરવાળો ૪૭,૬૪૧ થાય છે. આમ, કુલ હાજર ઉમેદવારોની સંખ્યા સામે ત્રણ ઉમેદવારોનો તફાવત જોવા મળતાં ઉમેદવારોએ SEB પાસે ખુલાસો માગ્યો છે. અટકાયત બાદ કેટલાક ઉમેદવારોએ પોલીસ દ્વારા મોબાઇલ ફોન લઈ લેવા અને ખાવા-પીવાની વ્યવસ્થા ન મળવા અંગે આક્ષેપો કર્યા છે. ઉમેદવારોની માગ છે કે પરિણામની નિષ્પક્ષ તપાસ કરી પુનઃમૂલ્યાંકન કરવામાં આવે. જો યોગ્ય નિરાકરણ નહીં આવે તો આગામી દિવસોમાં ગાંધીનગરમાં મોટા પાયે આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે. દરમિયાન, SEB દ્વારા ૧૮થી ૨૧ નવેમ્બર દરમિયાન ગુણ ચકાસણી માટે અરજીઓ મંગાવવામાં આવી હતી.

‘ડિગંતારા’ના અહેવાલમાં મોટો ખુલાસો

‘ઓપરેશન સિંદૂર’ સમયે ગુજરાતના દરિયાકાંઠા પર ચીનના ૩ જાસૂસી ઉપગ્રહોની નજર



ભુજ, નલિયા અને જામનગર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયાનો દાવો; ઉપગ્રહની ગતિવિધિ બમણી થયાનો ઉલ્લેખ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫

‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન કચ્છ સહિત ગુજરાતના સંવેદનશીલ દરિયાકાંઠા અને સરહદી વિસ્તારો પર ચીનના ત્રણ અત્યાધુનિક જાસૂસી ઉપગ્રહો દ્વારા દેખરેખ રાખવામાં આવી હોવાના અહેવાલ સામે આવ્યા છે. બેંગલુરુ સ્થિત અંતરિક્ષ દેખરેખ કંપની ‘ડિગંતારા’ (Digantara) ના અહેવાલને ટાંકીને ‘ધ પ્રિન્ટ’માં પ્રકાશિત વિગતો મુજબ ચીનના નિન્શિયા-૧૪, ગાઓફેન-૧૧ અને યાઓગાન-૩૦ ઉપગ્રહોએ ખાસ કરીને ભુજ, નલિયા અને જામનગર પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

અહેવાલમાં એવો પણ ખુલાસો કરાયો છે કે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ના રોજ થયેલા પહેલગામ આતંકી હુમલાના ૬ દિવસ પહેલાં એક ચીની ઉપગ્રહે પહેલગામ વિસ્તાર પરથી પસાર થવાની પોતાની ગતિવિધિ બમણી કરી દીધી હતી. જ્યારે ૧૦ અને ૧૧ મે દરમિયાન આ ઉપગ્રહોની ગુજરાતના દરિયાકાંઠા પર વિશેષ સક્રિયતા જોવા મળી હતી.

આ ઉપગ્રહો હિંદ મહાસાગરથી લઈને ભારતના આંતરિક ભાગો સુધી આર્મી, એરફોર્સ અને નેવીની હિલચાલ તેમજ મહત્ત્વપૂર્ણ માળખાગત સુવિધાઓનું નિરીક્ષણ કરવાની ક્ષમતા ધરાવે છે. ઉચ્ચ ગુણવત્તાવાળી તસવીરો લેવા ઉપરાંત રેડિયો ફ્રીક્વન્સી અને ઇલેક્ટ્રોનિક સિગ્નલોનું વિશ્લેષણ કરવાની ટેકનોલોજી દ્વારા લશ્કરી મથકો, એરબેઝ, બંદરો, જહાજોની અવરજવર અને ઔદ્યોગિક એકમો પર નજર રાખી શકાય છે.

નિન્શિયા-૧૪: રેડિયો અને ઇલેક્ટ્રોમેગ્નેટિક સિગ્નલ્સનું નિરીક્ષણ કરવાની ક્ષમતા ધરાવે છે.

ગાઓફેન-૧૧: ઉચ્ચ ગુણવત્તાની તસવીરો મારફતે હવાઈ મથકો, વિમાનો, જહાજો અને બંદરોની ગતિવિધિઓ પર નજર રાખે છે.

યાઓગાન-૩૦: રડાર સિગ્નલ્સ સહિતની ઇલેક્ટ્રોનિક ગતિવિધિઓનું નિરીક્ષણ કરી શકે છે.

પાકિસ્તાનની સરહદને અડીને આવેલા કચ્છના ભુજ અને નલિયામાં ભારતીય વાયુસેનાના મહત્ત્વપૂર્ણ મથકો આવેલા હોવાથી તેનું વ્યૂહાત્મક મહત્ત્વ વધુ છે. અહેવાલ મુજબ, ઓપરેશન સિંદૂર દરમિયાન ભુજ, નલિયા અને કચ્છના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલાની ચેતવણીઓ, બ્લેકઆઉટ તેમજ હવાઈ અને બંદર સેવાઓ પર અસર જોવા મળી હતી.

બીજી તરફ, ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પર આવેલા ગુજરાતના ૨૦ સરહદી ગામોમાં સુરક્ષા વ્યવસ્થાની ગ્રાઉન્ડ લેવલ પર સમીક્ષા કરવા માટે ગુજરાત પોલીસના ૧૦ વરિષ્ઠ IPS અધિકારીઓ ૨૬ અને ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બે દિવસની વિશેષ મુલાકાતે જશે. કચ્છ, વાવ-થરાદ અને પાટણ જિલ્લાના આ સરહદી ગામોમાં અધિકારીઓ સ્થાનિક રહીશોના ઘરોમાં રાત્રિરોકાણ કરીને પ્રજાજનો અને ફરજ પરના પોલીસ જવાનોની સમસ્યાઓ પ્રત્યક્ષ રીતે સાંભળશે.

ગૌરક્ષાના મુદ્દે સાધુ-સંતોએ ફૂંક્યું રણશિંગુ

૨૭ નવેમ્બરે અડાલજમાં મહાસંમેલન, એક લાખ ગૌભક્તો ઉમટવાનો અંદાજ

ત્રણ મુખ્ય માંગણીઓ સાથે અભિયાન તેજ; ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ અને કેન્દ્રીય ગૌ મંત્રાલયની સ્થાપનાની ઉઠી માંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૨૫

ગૌવંશની સેવા, સુરક્ષા અને સન્માનના મુદ્દે હવે સાધુ-સંતોએ મેદાનમાં ઉતરી સરકાર સમક્ષ પોતાની માંગણીઓ બુલંદ કરી છે. અમદાવાદના ઇસ્કોન મંદિર ખાતે ગૌ સન્માન આહવાન અભિયાન અંતર્ગત યોજાયેલી પત્રકાર પરિષદમાં સંતો-મહાત્માઓએ ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા, ગૌવંશને રાષ્ટ્રીય ધરોહરનો દરજ્જો આપવા અને સમગ્ર દેશમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માટે કાયદો બનાવવાની માંગ કરી હતી. આ અભિયાનને આગળ વધારવા આગામી ૨૭ નવેમ્બરે અડાલજ ખાતે ભવ્ય મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં એક લાખથી વધુ ગૌભક્તો જોડાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

ઇસ્કોન મંદિર ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં સંતોએ ગૌવંશના સંરક્ષણ માટે ત્રણ મુખ્ય માંગણીઓ રજૂ કરી હતી. જેમાં સમગ્ર દેશમાં ગૌહત્યા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતો કાયદો બનાવવો, ગૌમાતાને રાષ્ટ્રમાતા તરીકે સન્માન આપવું અને ગૌવંશના સંરક્ષણ માટે અલગ કેન્દ્રીય ગૌ મંત્રાલયની સ્થાપના કરવી સામેલ છે.

સંતોના જણાવ્યા મુજબ, ગૌવંશનું રક્ષણ માત્ર પાંજરાપોળના સહારે શક્ય નથી.



તેના માટે દેશવ્યાપી નીતિ અને અલગ કાયદાની જરૂરિયાત છે. ભારતીય સંસ્કૃતિમાં ગાયનું વિશેષ મહત્ત્વ છે ત્યારે વાઘ, સિંહ અને મોરની જેમ ગાયના સંરક્ષણ માટે પણ સરકાર દ્વારા વિશેષ વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આ અભિયાનના ભાગરૂપે ૨૭ નવેમ્બરે અડાલજના પર્વ મેદાન ખાતે મહાસંમેલન યોજાશે. સંતોનો દાવો છે કે આ સંમેલનમાં એક લાખથી વધુ ગૌભક્તો અને ગૌપ્રેમીઓ ભાગ લેશે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પણ આ સંમેલનમાં જોડાવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીની ગૌમાતા પોષણ યોજના બદલ તેમનું અભિવાદન કરવાનો કાર્યક્રમ પણ યોજાશે. સંમેલનના અધ્યક્ષ તરીકે નદી બાબાની જવાબદારી હોવાનું જણાવાયું છે.

આ અભિયાન કોઈ એક સંસ્થા કે ટ્રસ્ટ દ્વારા નહીં, પરંતુ ગૌભક્તો અને ગૌપ્રેમીઓના સહયોગથી ચલાવવામાં આવી રહ્યું હોવાનું આયોજકોએ જણાવ્યું છે. અભિયાન અંતર્ગત ત્રણ પ્રાર્થના પત્ર તૈયાર કરીને સરકારને સુપરત કરવામાં આવશે. આ ઉપરાંત દેશભરમાંથી ૫૦ કરોડ લોકોના હસ્તાક્ષર એકત્ર કરીને સરકાર સુધી પહોંચાડવાનો સંકલ્પ પણ વ્યક્ત કરવામાં આવ્યો છે.

પત્રકાર પરિષદમાં ગુજરાતને રખડતા ગૌવંશની સમસ્યામાંથી મુક્ત કરવા માટે પણ સરકારને અપીલ કરવામાં આવી હતી. પશુ ગણતરીમાં ગાયનો સમાવેશ કરવા અને પશુપાલકો પાસે ગાયના હકો સુરક્ષિત રહે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવાની માંગ કરવામાં આવી હતી. આ અભિયાનમાં બ્રહ્મચારી મુકુંદ પ્રકાશજી, હરિદ્વારના સ્વામી અમૃતાનંદજી અને સાધુ વિવેક સાગર દાસજી સહિતના સંતો સક્રિય રીતે જોડાયા છે. હવે ૨૭ નવેમ્બરે યોજાનારા મહાસંમેલન પર સૌની નજર રહેશે. આ સંમેલન દ્વારા ગૌસંરક્ષણના મુદ્દે સરકાર સુધી કેટલો વ્યાપક જનઅવાજ પહોંચે છે તે જોવું મહત્ત્વનું રહેશે.

મહિલાઓએ ડેપ્યુટી મેયરને કરી ઉગ્ર રજૂઆત

ડિંડોલીમાં વેરાબિલ માફી અને કેશડોલ સહાય ન મળતા રહીશોમાં ભારે રોષ

ચોમાસામાં ઘરોમાં વરસાદી પાણી ઘૂસ્યા છતાં અનેક પરિવારો સહાયથી વંચિત હોવાનો આક્ષેપ કરાયો



(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૨૫

સુરતના ડિંડોલી વિસ્તારમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવાની સમસ્યાથી અસરગ્રસ્ત થયેલા પરિવારોને હજુ સુધી સરકારી સહાય ન મળતા સ્થાનિક રહીશોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. વેરાબિલ માફી અને કેશડોલ સહાયથી અનેક પરિવારો વંચિત રહી ગયા હોવાના આક્ષેપ સાથે જગદંબા સોસાયટી, યોગેશ્વર નગર અને પ્રિયંકા સોસાયટીની મહિલાઓ સહિત મોટી સંખ્યામાં રહીશોએ સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર સુધાકર એલ. ચૌધરી સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી.

રહીશોના જણાવ્યા મુજબ, ચોમાસામાં ભારે વરસાદને કારણે ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરી અને જીવનજરૂરી સામાનને નુકસાન પહોંચ્યું હતું. તેમ છતાં અનેક પરિવારોને કેશડોલ સહાય મળી નથી, જ્યારે પ્રોપર્ટી ટેક્સમાં માફી મામલે પણ પાત્ર મકાનમાલિકોને અન્યાય થઈ રહ્યો હોવાની ફરિયાદ ઉઠી છે. અસરગ્રસ્ત તમામ પાત્ર મકાનમાલિકોને નિયમ મુજબ વેરાબિલ માફી આપવા અને વિલંબ વિના કેશડોલ સહાય ચૂકવવાની માંગ કરવામાં આવી છે. વારંવાર રજૂઆત કરવી પડતી હોવા અંગે મહિલાઓએ પણ નારાજગી વ્યક્ત કરી હતી.

સરકારી સહાય ઉપરાંત ડિંડોલી વિસ્તારની ડ્રેનેજની સમસ્યા, વરસાદી પાણીના નિકાલની પૂરતી વ્યવસ્થા અને બિસ્માર રોડ-રસ્તા જેવા પ્રાથમિક સુવિધાઓના મુદ્દાઓનો કાયમી અને વહેલી તકે ઉકેલ લાવવા પણ રહીશોએ માંગ કરી હતી.

રજૂઆત બાદ ડેપ્યુટી મેયર સુધાકર એલ. ચૌધરીએ સંબંધિત ઉપલા અધિકારીઓ સાથે વાતચીત કરીને વેરાબિલ માફી, કેશડોલ સહાય તેમજ ડ્રેનેજ, પાણીના નિકાલ અને રસ્તાઓની સમસ્યાના નિરાકરણ માટે યોગ્ય કાર્યવાહી કરાવવાની ખાતરી આપી હતી.

ઉત્તરાયણ પહેલાં જ પતંગના દોરાએ લીધો ૨૦ વર્ષના યુવાનનો ભોગ



રાજકોટના કુંભારવાડામાં બાઈક પર જતી વખતે ગળામાં ફસાયો દોરો; બે બહેનોએ એકનો એક ભાઈ ગુમાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ, તા.૨૫

ઉત્તરાયણના પર્વને હજુ સમય બાકી છે, ત્યાં રાજકોટમાં પતંગના દોરાએ એક યુવાનનો જીવ લીધો હોવાની કરુણ ઘટના સામે આવી છે. શહેરના કુંભારવાડા વિસ્તારમાં બાઈક પર જઈ રહેલા ૨૦ વર્ષીય અતિક રિયાઝભાઈ ચૌહાણના ગળામાં પતંગનો દોરો ફસાઈ જતાં તેને ગંભીર ઈજા થઈ હતી. સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા અતિકનું મોત નીપજ્યું હતું. બે બહેનોના એકના એક ભાઈના અકાળે અવસાનથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

મળતી વિગતો અનુસાર, ગત ૨૧ નવેમ્બરે સાંજે આશરે ૬ વાગ્યાના અરસામાં અતિક બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો. આ દરમિયાન કુંભારવાડા વિસ્તારમાં અચાનક તેના ગળામાં પતંગનો દોરો ફસાઈ ગયો હતો. દોરાથી ગળામાં ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, તબીબોના પ્રયાસો છતાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

પરિવારજનોના જણાવ્યા અનુસાર, ઘટનાના દિવસે અતિક ઘરે હતો ત્યારે તેના મિત્ર રહીશનો ફોન આવ્યો હતો. મિત્રના પિતાની તબિયત સારી ન હોવાથી દવા લેવા જવાનું હતું. આથી રહીશે અતિકને સાથે આવવા વિનંતી કરી હતી. મિત્રની મદદ કરવા માટે અતિક બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો, પરંતુ ઘર નજીક જ પતંગના દોરાએ તેને ભરખી લીધો હતો.

અતિક બે બહેનોનો એકમાત્ર ભાઈ હતો. પરિવારનો આશાસ્પદ યુવાન દીકરો અને બહેનોનો લાડકો ભાઈ ગુમાવતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઉત્તરાયણના તહેવારને હજુ સમય હોવા છતાં પતંગના દોરાથી અકસ્માતો શરૂ થઈ ગયા છે. ખાસ કરીને રસ્તા પર બાઈક ચલાવતા વાહનચાલકો માટે પતંગના દોરા જીવલેણ સાબિત થઈ રહ્યા છે. અતિકના મોતની ઘટનાએ ફરી એકવાર ચાઈનીઝ દોરી સહિત જોખમી પતંગના દોરાના વેચાણ અને ઉપયોગ સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત ઊભી કરી છે.

વડોદરાનો ૨૮ કિમી લાંબો રીંગ રોડ એક મહિનામાં ખુલ્લો મુકાશે, સમય-ઈંધણની બચત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

વડોદરા, તા.૨૫

વડોદરા શહેરની ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટ ગણાતો ૨૮ કિલોમીટર લાંબો રીંગ રોડ આગામી એક મહિનામાં વાહનચાલકો માટે ખુલ્લો મૂકવામાં આવે તેવી શક્યતા છે. વડોદરા મહાનગરપાલિકા અને વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (વુડા) દ્વારા તૈયાર કરવામાં આવેલા આ રીંગ રોડની મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આ માર્ગ શરૂ થતાં અમદાવાદ અને સુરત વચ્ચે અવરજવર કરતા વાહનચાલકોને વડોદરા શહેરમાં પ્રવેશ્યા વિના સીધા પસાર થવાનો વિકલ્પ મળશે.

વડોદરા મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને યોજાયેલી વિકાસલક્ષી કાર્યોની સમીક્ષા બેઠકમાં રીંગ રોડ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. બેઠકમાં શહેરના માળખાકીય વિકાસ, ટ્રાફિક વ્યવસ્થા, સ્વચ્છતા અને પાણી પુરવઠા સહિતના મુદ્દાઓની



સમીક્ષા કરવામાં આવી હતી.

આ દરમિયાન મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે વુડા દ્વારા તૈયાર કરવામાં આવેલા અંદાજે ૨૮ કિલોમીટર લાંબા રીંગ રોડની મોટાભાગની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને આગામી એક મહિનામાં તેને જાહેર જનતા માટે ખુલ્લો મૂકવાનું આયોજન છે.

હાલમાં અમદાવાદથી સુરત અથવા સુરતથી અમદાવાદ તરફ જતા અનેક વાહનોને વડોદરા શહેરના માર્ગો પરથી પસાર થવું પડે છે. ખાસ કરીને ભારે વાહનોને કારણે શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનું ભારણ વધે છે. જોકે, ૨૮ કિલોમીટરનો રીંગ રોડ શરૂ થયા બાદ હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો શહેરમાં પ્રવેશ્યા વગર બાયપાસ માર્ગનો ઉપયોગ કરી શકશે. પરિણામે શહેરના આંતરિક રસ્તાઓ પર વાહનોની સંખ્યામાં ઘટાડો થવાની સાથે ટ્રાફિકની સમસ્યામાં પણ રાહત મળવાની આશા છે. આ ઉપરાંત વાહનચાલકોના મુસાફરીના સમયમાં ઘટાડો થશે અને ઈંધણની પણ બચત થશે. ભારે વાહનો માટે પણ આ માર્ગ ઉપયોગી સાબિત થઈ શકે છે. સમીક્ષા બેઠકમાં શહેરના પાણી પુરવઠાની સ્થિતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તંત્રના જણાવ્યા અનુસાર, હાલ વડોદરામાં પીવાના પાણીની કોઈ તંગી નથી. શહેરને પૂરતા પ્રમાણમાં પાણી મળી રહે તે માટે આજવા સરોવરમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNL) મારફતે નર્મદાનું પાણી ઠાલવવામાં આવી રહ્યું છે.

૧૬ વર્ષ જૂના મેડિકલ બેદરકારી કેસમાં સુરત કોર્ટનો ચુકાદો

ઈસ્માઈલ દરબારની માતાના મૃત્યુ મામલે પરેશ ભજીયાવાલા કસૂરવાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

સુરત, તા.૨૫

જાણીતા સંગીતકાર ઈસ્માઈલ દરબારની માતા જૈતુનબીબી દરબારના મૃત્યુ સાથે જોડાયેલા ૧૬ વર્ષ જૂના મેડિકલ બેદરકારીના કેસમાં સુરત કોર્ટે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે. વર્ષ ૨૦૦૯માં સુરતની ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલમાં સારવાર દરમિયાન થયેલી કથિત બેદરકારીના કેસમાં કોર્ટે આરોપી પરેશ ભજીયાવાલાને કસૂરવાર ઠેરવ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલા આ કેસમાં ચુકાદો આવતા ફરી એકવાર આ મામલો ચર્ચામાં આવ્યો છે.

મળતી વિગતો અનુસાર, જૈતુનબીબી દરબાર સુરતની ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતાં. તે દરમિયાન તેમની પીઠ નીચે ગરમ પાણીની હીટ બેગ મૂકવામાં આવી હતી. જોકે, હોસ્પિટલના સ્ટાફ દ્વારા આ હીટ બેગ સમયસર દૂર કરવામાં ન આવતાં તે આખી રાત તેમની પીઠ નીચે જ રહી ગઈ હતી. પરિણામે તેમની પીઠ પર ગંભીર ઈજા થઈ હતી. આ બેદરકારીને કારણે તેમની તબિયત વધુ લથડી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૦૯ના રોજ જૈતુનબીબી દરબારનું અવસાન થયું હતું. આ ઘટનાને પગલે સારવારમાં બેદરકારી દાખવવાના આક્ષેપ સાથે પરેશ ભજીયાવાલા અને નર્સ ચંચુબેન સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જોકે, કેસની ટ્રાયલ દરમિયાન નર્સ ચંચુબેન જામીન પર મુક્ત થયા બાદ કોર્ટની કાર્યવાહીથી દૂર થઈ ગયાં હતાં અને ભાગેડુ જાહેર થયાં હતાં. બીજી તરફ, પરેશ ભજીયાવાલા સામે કેસની કાર્યવાહી ચાલુ રહી હતી. લાંબા સમયથી ચાલી રહેલા આ કેસમાં આખરે સુરત કોર્ટે પરેશ ભજીયાવાલાને કસૂરવાર ઠેરવ્યા છે. આ ચુકાદા થી વર્ષો જૂના મેડિકલ બેદરકારીના કેસમાં મહત્ત્વનો વળાંક આવ્યો છે. આ સમગ્ર મામલે વકીલ કેતન રેશમવાળાએ કોર્ટના ચુકાદા અને કેસની વિગતો અંગે માહિતી આપી હતી. હવે કોર્ટ દ્વારા સજા અંગે શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

રાજકોટ યાર્ડમાં ડુંગળીની બમ્પર આવક, ૫ કિ.મી. લાંબી વાહનોની કતાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

રાજકોટ,તા.૨૫

રાજકોટના જૂના માર્કેટિંગ યાર્ડમાં બુધવારે ડુંગળીની બમ્પર આવક થતાં યાર્ડ બહાર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાંથી ડુંગળી ભરેલા ટ્રક અને ટ્રેક્ટર મોટી સંખ્યામાં ઉમટી પડતાં અંદાજે ૫ કિલોમીટર સુધી વાહનોની લાઈન લાગી ગઈ હતી. એકતરફ ડુંગળીના સારા ભાવ મળતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી, તો બીજી તરફ યાર્ડમાં પૂરતી સુવિધાઓના અભાવે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગોંડલ, જેતપુર, જામકંડોરણા, ઉપલેટા અને ધોરાજી સહિતના વિસ્તારોમાંથી ખેડૂતો ડુંગળીનો જથ્થો લઈને વહેલી સવારથી યાર્ડમાં પહોંચ્યા હતા. જોકે, યાર્ડમાં જગ્યા ઓછી પડતાં અનેક વાહનો બહાર રસ્તા પર જ ઊભાં રહેતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ખેડૂતોએ પોતાની મુશ્કેલી જણાવતાં કહ્યું હતું કે તેઓ રાત્રે ૨ વાગ્યાથી ડુંગળી વેચવા માટે લાઈનમાં ઊભા છે, છતાં હરાજી માટે નંબર આવ્યો નથી. તડકામાં બેસી રહેવાની ફરજ પડે છે અને પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાઓનો પણ અભાવ છે. પરિણામે દૂર-દૂરથી આવેલા ખેડૂતોને લાંબા સમય સુધી રાહ જોવી પડી રહી છે. યાર્ડમાં ડુંગળીના ભાવ પ્રતિ ૨૦ કિલોએ ₹.૩૦૦થી ₹.૭૦૦ સુધી બોલાયા હતા. સારા માલના સારા ભાવ મળતાં ખેડૂતોને રાહત મળી હતી.

રાજકોટ-અમદાવાદ હાઈવે પર સતત બીજા દિવસે ભારે અવ્યવસ્થા, હજારો વાહનચાલકો કલાકો સુધી અટવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ,તા.૨૫

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર લીંબડી અને સાયલા વચ્ચે સતત બીજા દિવસે ભારે ટ્રાફિકજામ સર્જાતા હજારો વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સાંજના સમયે હાઈવે પર અંદાજે ૧૦થી ૧૫ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. વેકેશન દરમિયાન પરિવાર સાથે પ્રવાસ કરીને પરત ફરી રહેલા અનેક લોકો પણ કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા હતા.

હાઈવે પર ખાડા પૂરવા અને રિસરફેસિંગનું કામ ચાલી રહ્યું છે. જોકે, કામ દરમિયાન યોગ્ય ટ્રાફિક મેનેજમેન્ટ અને વ્યવસ્થિત ડાયવર્ઝન ન હોવાના કારણે વાહનોની અવરજવરમાં ભારે વિક્ષેપ સર્જાઈ રહ્યો હોવાની ફરિયાદો ઉઠી છે.

વાહનચાલકોનો આક્ષેપ છે કે ભારે ટ્રાફિક હોવા છતાં હાઈવે પર પૂરતો પોલીસ બંદોબસ્ત પણ જોવા મળતો નથી. સ્થાનિકો અને મુસાફરોની માંગ છે કે હાઈવેનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક નિયમન માટે પૂરતી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવે. ટ્રાફિકજામમાં પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા પણ ફસાયા હતા. તેમણે લીંબડી-ચોટીલા વચ્ચે સર્જાયેલા ટ્રાફિકજામનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરીને સરકાર અને તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી વાહનચાલકો સતત મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને દરરોજ મોટી સંખ્યામાં લોકો ટ્રાફિકમાં અટવાઈ રહ્યા છે. તેમના વીડિયો બાદ હાઈવેની સ્થિતિને લઈને રાજકીય ચર્ચા પણ તેજ બની છે.

હાઈવે પરથી પસાર થનારા વાહનચાલકોએ હાલ મુસાફરી પહેલાં ટ્રાફિકની સ્થિતિ તપાસવી અને શક્ય હોય તો પીક અવર્સ ટાળવા જોઈએ.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

ભારત-બાંગ્લાદેશના બદલાતા રાજકીય સંબંધોની અસર જળસહકાર પર પડવાની ભીતિ

ભારત અને બાંગ્લાદેશના સંબંધો ઐતિહાસિક, સાંસ્કૃતિક, આર્થિક અને ભૌગોલિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વનાં છે. બંને દેશો અનેક સહિયારી નદીઓના જળ પર નભે છે અને તેમાં ગંગા નદી મુખ્ય છે. ભારતમાં ગંગા ખેતી, પીવાના પાણી અને આજીવિકાનો આધાર છે, જ્યારે બાંગલાદેશમાં પણ આ નદી કૃષિ ઉત્પાદન, મત્સ્યપાલન અને આર્થિક પ્રવૃત્તિઓ માટે મહત્ત્વપૂર્ણ છે, તેથી ગંગાના પાણીની ન્યાયસંગત વહેંચણી બંને દેશ વચ્ચે સહકાર અને વિશ્વાસનો મુખ્ય વિષય રહી છે. ભારત અને બાંગલાદેશે ૧૨ ડિસેમ્બર, ૧૯૯૬ના ગંગાના જળની વહેંચણી માટે ૩૦ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર હેઠળ ફરક્કા બેરેજ પર ઉપલબ્ધ પાણીની વહેંચણી નિર્ધારિત નિયમો અનુસાર કરવામાં આવે છે. વર્ષ



૨૦૨૬માં આ કરારની અવધિ પૂર્ણ થતી હોવાથી તેના નવીનીકરણ અને સુધારાની આવશ્યકતા મહત્ત્વપૂર્ણ બની છે. ૧૯૯૬ના કરારનો મુખ્ય ઉદ્દેશ બંને દેશ વચ્ચે ગંગાના પાણીનું યોગ્ય વિતરણ સુનિશ્ચિત કરવાનો અને જળવિવાદો ટાળવાનો હતો. જો કે, સમયની સાથે પરિસ્થિતિઓમાં અનેક ફેરફારો આવ્યા છે. વધતી વસ્તી, શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ અને કૃષિ ક્ષેત્રમાં પાણીની વધતી માંગને કારણે નદીના જળ પર દબાણ વધ્યું છે. જળવાયુ પરિવર્તન આ સમસ્યાને વધુ જટિલ બનાવે છે. અનિયમિત ચોમાસું, દુષ્કાળ, પૂર અને વરસાદની બદલાતી પરિસ્થિતિઓને કારણે ગંગાના જળપ્રવાહમાં વધઘટ જોવા મળે છે, તેથી જૂના કરારમાં નિર્ધારિત જળપ્રવાહ સંબંધિત આંકડાઓ અને વ્યવસ્થાઓની વર્તમાન પરિસ્થિતિ અનુસાર સમીક્ષા કરવી જરૂરી છે. ભારતના પશ્ચિમ બંગાળ અને બિહાર જેવા રાજ્યો સિંચાઈ, પીવાના પાણી તથા ઔદ્યોગિક જરૂરિયાતો માટે ગંગા પર નિર્ભર છે. બીજી તરફ, બાંગ્લાદેશ માટે પૂરતા પાણીની ઉપલબ્ધતા ખાદ્ય સુરક્ષા, કૃષિ ઉત્પાદન અને લાખો લોકોની આજીવિકા સાથે જોડાયેલી છે, તેથી કોઈ પણ નવા કરારમાં બંને દેશના હિતો વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. ગંગા જળસંધિ માત્ર પર્યાવરણીય કે ટેકનિકલ મુદ્દો નથી, પરંતુ તેનું રાજકીય અને રાજદ્વારી મહત્ત્વ પણ છે. બંને દેશના બદલાતા રાજકીય સંબંધોની અસર જળસહકાર પર પડી શકે છે. આ ઉપરાંત, ભારતનાં સંબંધિત રાજ્યોની ચિંતાઓને ધ્યાનમાં રાખવી પણ જરૂરી છે, તેથી સંધિના નવીનીકરણમાં કેન્દ્ર સરકારની સાથે રાજ્ય સરકારોની ભાગીદારી સુનિશ્ચિત કરવી જોઈએ. બંને દેશે વર્તમાન પરિસ્થિતિને અનુરૂપ આધુનિક, પારદર્શક અને લાંબા ગાળાનો જળકરાર તૈયાર કરવો જોઈએ. આ માટે નદીના જળપ્રવાહ, વરસાદ અને ભૂગર્ભજળના સ્તર સંબંધિત વૈજ્ઞાનિક આંકડાઓની નિયમિત આપ લે જરૂરી છે. ઉનાળાના મહિનાઓ દરમિયાન લઘુત્તમ જળપ્રવાહ સુનિશ્ચિત કરવાની વ્યવસ્થા વિકસાવવી જોઈએ. સાથે જ સંયુક્ત નદી આયોગને મજબૂત બનાવી વિવાદોના ઉકેલ માટે નિયમિત સંવાદ વધારવો જોઈએ. નવા કરારમાં નદીનું પ્રદૂષણ, પૂર નિયંત્રણ, કાંપ વ્યવસ્થાપન અને પર્યાવરણ સંરક્ષણનો પણ સમાવેશ થવો જોઈએ.

અત્રે યાદ રહે કે, ભારત-બાંગ્લાદેશ ગંગા જળ સંધિ (Ganga Water Sharing Treaty) એ બંને દેશો વચ્ચે ૧૨ ડિસેમ્બર, ૧૯૯૬ના રોજ થયેલો ૩૦ વર્ષીય ઐતિહાસિક કરાર છે, જેની મુદ્દત ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરી થઈ રહી છે. બંને દેશો વચ્ચે ૫૪ જેટલી નદીઓ વહે છે, જેમાંથી ગંગા નદીના પાણીની વહેંચણી માટેનો આ સૌથી મહત્ત્વપૂર્ણ કરાર છે.

મૌનને નબળાઈ નહીં પરંતુ આત્મશક્તિ બનાવીએ

દસ જગ્યાએ મૌન રહેવું, નહીં તો જીવનભર પસ્તાવો થઈ શકે છે : મૌન એ નબળાઈ નથી પરંતુ મનવાણી અને બુદ્ધિ પરના સંયમનું પ્રતીક છે

જીવનમાં દરેક વાતનો જવાબ આપવો જરૂરી નથી, દરેક વિવાદમાં જીતવું જરૂરી નથી અને દરેક વ્યક્તિને આપણી વાત સમજાવવી પણ જરૂરી નથી. ક્યારેક બોલાયેલા થોડાક શબ્દો વર્ષો જૂના સંબંધોને તોડી નાખે છે, જ્યારે યોગ્ય સમયે રાખેલું મૌન અનેક સંબંધોને બચાવી લે છે. ભારતીય શાસ્ત્રોમાં વાણીના સંયમ, ક્ષમા, ધીરજ, સમભાવ અને અહંકારના ત્યાગને જીવનના મહત્ત્વપૂર્ણ ગુણ ગણાવવામાં આવ્યા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ વાણીના તપ વિશે કહ્યું છે કે વાણી સત્ય હોય, હિતકારી હોય, પ્રિય હોય અને કોઈને વ્યર્થ ઉદ્વેગ ન આપે તેવી હોવી જોઈએ. આ જ શિક્ષણ આપણને જીવનની દસ પરિસ્થિતિઓમાં મૌનનું મહત્વ સમજાવે છે.

(૧)કોઈ નિંદા કરે ત્યારે મૌન રહેવું.

જ્યારે કોઈ આપણી નિંદા કરે, અપમાન કરે કે આપણી ભૂલોને વધારીને રજૂ કરે ત્યારે તરત જ ગુસ્સામાં જવાબ આપવો યોગ્ય નથી. દરેક આરોપનો જવાબ આપવાથી મનની શાંતિ નષ્ટ થાય છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં સ્થિતપ્રજ્ઞ મનુષ્યને સુખ-દુ:ખ અને માન-અપમાનમાં સમભાવ રાખવાનું શીખવવામાં આવ્યું છે. આપણું વર્તન અને સમય ઘણીવાર શબ્દો કરતાં વધુ અસરકારક જવાબ આપે છે. જોકે અન્યાય કે ગંભીર નુકસાન સામે યોગ્ય રીતે અવાજ ઉઠાવવો પણ જરૂરી છે.

(૨) વાદ-વિવાદના સમયે મૌન રહેવું.

વાદ-વિવાદમાં ઘણીવાર સત્ય શોધવાને બદલે પોતાની જીત સાબિત કરવાની ઈચ્છા વધી જાય છે. આવા સમયે બોલાયેલા કઠોર શબ્દો સંબંધોમાં કાયમી ઘા કરી શકે છે. ગીતા અધ્યાય:૧૭/૧૫માં વાણીનું તપ સમજાવતાં ભગવાન કહે છે કે વાણી સત્ય, પ્રિય, હિતકારી અને ઉદ્વેગ ન કરનારી હોવી જોઈએ તેથી જ્યાં ચર્ચા સમજણના બદલે અહંકારની લડાઈ બની જાય ત્યાં થોડું મૌન રાખવું એ સંબંધો બચાવવાની સમજદારી છે.

(૩)કોઈ ક્રોધમાં હોય ત્યારે મૌન રહેવું.

ક્રોધિત વ્યક્તિ સામે ક્રોધથી જવાબ આપવાથી વિવાદ વધુ વધે છે. ગીતા અધ્યાય:૨/૬૩ સમજાવે છે કે ક્રોધથી મોહ અને મોહથી બુદ્ધિનો નાશ થાય છે તેથી કોઈ ક્રોધમાં હોય ત્યારે તેને તરત સમજાવવાને બદલે શાંત થવા માટે સમય આપવો જોઈએ, તે સમયે મૌન રાખવાથી આપણે પણ આવેશમાં બોલાઈ જતા શબ્દો અને પાછળથી થતા પસ્તાવાથી બચી શકીએ છીએ.



આલેખન
વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

(૪) જીવનમાં દુ:ખ આવે ત્યારે મૌન રહેવું.

દુ:ખ, નિષ્ફળતા, વિયોગ કે મુશ્કેલી આવે ત્યારે દરેક વ્યક્તિ સમક્ષ ફરિયાદો કરવી જરૂરી નથી. ગીતા અધ્યાય: ૨/૧૪માં ભગવાન સમજાવે છે કે સુખ અને દુ:ખ જેવી અનુભૂતિઓ અનિત્ય છે, આવે છે અને જતી રહે છે તેથી ધીરજ રાખવી જોઈએ. દુ:ખના સમયમાં આત્મચિંતન પ્રાર્થના અને પરમાત્માનું સ્મરણ મનને સ્થિરતા આપે છે. જોકે દુ:ખમાં યોગ્ય વ્યક્તિનો સહારો લેવો કે મદદ માગવી એ પણ સમજદારી છે.

(૫)કોઈ ઉશ્કેરે ત્યારે મૌન રહેવું.

કેટલાક લોકો જાણીજોઈને આપણને ઉશ્કેરે છે જેથી આપણે ગુસ્સામાં કંઈક ખોટું બોલી કે કરી બેસીએ પરંતુ જો આપણે તેમની ઉશ્કેરણીમાં આવી જઈએ તો આપણા મનની શાંતિ અને વિવેક ગુમાવી બેસીએ છીએ. ગીતા અધ્યાય:૧૬માં અક્રોધ શાંતિ અને અહિંસા જેવા દૈવી ગુણોનું મહત્ત્વ સમજાવાયું છે. બીજાના શબ્દો આપણા વર્તનને નિયંત્રિત ન કરે, આપણું વર્તન આપણા સંસ્કાર અને સમજણથી નક્કી થવું જોઈએ.

માંગ્યા વિના સલાહ કે જ્ઞાન ન આપવું.

દરેક વ્યક્તિને પોતાના અનુભવ પ્રમાણે જીવન જીવવાનો અધિકાર છે. કોઈએ સલાહ માગી ન હોય છતાં વારંવાર તેને ઉપદેશ આપવો કે પોતાની સમજણ લાદવી એ ઘણીવાર અહંકારનું સ્વરૂપ બની જાય છે. ગીતામાં અમાનિત્વ અને અદંભને જ્ઞાનના ગુણ ગણાવ્યા છે. સાચા જ્ઞાનીની ઓળખ તેના બોલવામાં નહીં પરંતુ તેની નમ્રતા સમજણ અને વર્તનમાં હોય છે. સલાહ ત્યારે જ આપવી જ્યારે સામેની વ્યક્તિ તેને સ્વીકારવા તૈયાર હોય અથવા ખરેખર માર્ગદર્શનની જરૂર હોય.

(૭)જ્ઞાનનો અહંકાર થાય ત્યારે મૌન રહેવું.

થોડું જ્ઞાન પ્રાપ્ત થતાં મનુષ્ય ક્યારેક પોતાને સર્વજ્ઞ માનવા લાગે છે, તે બીજાની વાતસાંભળવાનું બંધ કરી દે છે અને પોતાની વાત જ સાચી માને છે પરંતુ સાચું જ્ઞાન અહંકાર નહીં વિનય જન્માવે છે. ગીતા અધ્યાય:૧૩માં માનની ઈચ્છાનો અભાવદંભનો અભાવ અને સરળતાને જ્ઞાનના ગુણો ગણાવ્યા છે. જ્યારે જ્ઞાનનો અહંકાર ઊભો થાય ત્યારે મૌન રહી આત્મપરીક્ષણ કરવું જોઈએ કે મારું જ્ઞાન બીજાના કલ્યાણ માટે છે કે માત્ર મારી શ્રેષ્ઠતા બતાવવા માટે?

(૮)સામેની વ્યક્તિ સત્ય સાંભળવા તૈયાર ન હોય ત્યારે મૌન રહેવું.

સત્ય બોલવું સદ્‌ગુણ છે પરંતુ દરેક વ્યક્તિ દરેક સમયે સત્ય સ્વીકારવા તૈયાર હોય એવું નથી. પૂર્વગ્રહ અહંકાર કે ક્રોધથી ભરેલી વ્યક્તિ સામે વારંવાર સમજાવવાનો પ્રયત્ન ઘણીવાર નિષ્ફળ જાય છે. ગીતાના વાણીના તપનો સંદેશ આપણને સત્યની સાથે હિતકારીતા અને યોગ્ય સમયનું મહત્ત્વ પણ સમજાવે છે. ક્યારેક સમય અને જીવનના અનુભવો વ્યક્તિને એ સત્ય સમજાવે છે, જે આપણે શબ્દોથી સમજાવી શક્યા ન હતા.

(૯)જ્યારે પરિસ્થિતિ આપણા નિયંત્રણ બહાર હોય ત્યારે મૌન રહેવું.


જીવનમાં કેટલીક બાબતો આપણા નિયંત્રણમાં હોતી નથી. ભૂતકાળ, અન્ય વ્યક્તિના નિર્ણયો સમય અને અનેક પરિસ્થિતિઓને આપણે ઈચ્છવા છતાં બદલી શકતા નથી. ગીતા અધ્યાય:૨/૪૭માં ભગવાન શ્રીકૃષ્ણ સફળતા અને નિષ્ફળતામાં સમભાવ રાખીને કર્મ કરવાની શિક્ષા આપે છે. જે આપણાં હાથમાં છે તે કર્મ અને પ્રયત્ન છે. દરેક પરિણામ આપણા હાથમાં નથી તેથી ફરિયાદ અને અફસોસમાં શક્તિ વેડફવાને બદલે શાંત રહી યોગ્ય કર્મ કરવું જોઈએ.

(૧૦)જ્યારે હૃદય કૃતજ્ઞતા પ્રેમ અને આનંદથી ભરાઈ જાય ત્યારે મૌન રહેવું.

આ મૌન સૌથી સુંદર છે. જ્યારે કોઈના નિ:સ્વાર્થ પ્રેમથી હૃદય ભરાઈ જાય, પરમાત્માની કૃપાનો અનુભવ થાય, ગુરૂ પ્રત્યે શ્રદ્ધા જાગે કે કોઈના ઉપકારથી આંખો ભીની થઈ જાય ત્યારે શબ્દો ઓછા પડે છે. ભગવદ્ ગીતાના અધ્યાય: ૧૨માં ભક્તના ગુણો વર્ણવતાં ભગવાન મૈત્રીકરૂણા, નિર્મમતા, નિરહંકાર અને ક્ષમાનો મહિમા સમજાવે છે. આવી સ્થિતિમાં મૌન એ શબ્દ વિનાની પ્રાર્થના બની જાય છે. હૃદયની કૃતજ્ઞતા, પ્રેમ અને આનંદને ક્યારેક માત્ર નમનથી જ વ્યક્ત કરી શકાય છે.

મૌન રહેવું એ દરેક જગ્યાએ ચૂપ રહેવું નથી. અન્યાય સામે અવાજ ઉઠાવવો, સત્યની રક્ષા કરવી અને જરૂરિયાતમંદને મદદ કરવી એ પણ આપણું કર્તવ્ય છે પરંતુ જ્યાં શબ્દો અહંકાર, ક્રોધ, નિંદા અને વિવાદને જન્મ આપે ત્યાં મૌન રાખવું એ જ સાચો વિવેક છે. બધું બોલવું એ બુદ્ધિ નથી, યોગ્ય સમયે બોલવું એ બુદ્ધિ છે અને જ્યાં મૌનથી સંબંધો બચી શકે, મન શાંત રહી શકે તથા આત્મસન્માન જળવાઈ શકે ત્યાં મૌન રહેવું એ જીવનની મહાન કળા છે. વાણીમાં મધુરતા, વિચારોમાં પવિત્રતા, વર્તનમાં નમ્રતા અને જીવનમાં સમભાવ કેળવીએ. મૌનને નબળાઈ નહીં પરંતુ આત્મશક્તિ બનાવીએ.

૨૬ નવેમ્બર, રાષ્ટ્રીય બંધારણ દિવસ



દર વર્ષે ૨૬ નવેમ્બરે, 'રાષ્ટ્રીય બંધારણ દિવસ' ઉજવવામાં આવે છે તે પાછળનું કારણ એમ છે કે ૨૬ નવેમ્બર, ૧૯૪૯નાં રોજ ભારતનું બંધારણ ખરડા સમિતિમાં પસાર કરવામાં આવ્યું હતું તેથી આ દિવસને 'રાષ્ટ્રીય કાયદા દિવસ' તરીકે પણ ઉજવવામાં આવે છે. ભારતીય બંધારણનો ન્યાય, સમાનતા, સ્વતંત્રતા અને સંઘને સુરક્ષિત રાખવા માટે દેશને સ્વતંત્ર સામ્યવાદી, બિનસાંપ્રદાયિક સ્વાયત્ત અને પ્રજાસત્તાક ભારતીય નાગરિક તરીકે રચવા માટે અપનાવવામાં આવ્યો હતો. દુનિયાનું સૌથી મોટુ બંધારણ ભારતનું છે. તે કોઈ પ્રિન્ટ કે ટાઇપ રાઇટર દ્વારા નહીં પણ હાથેથી લખવામાં આવ્યું હતું. તેને લખતા ૨ વર્ષ ૧૧ મહિના ૧૮ દિવસ થયા હતાં અને ૨૮૪ લોકો દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. જવાહરલાલ નહેરુ, ડૉ. ભીમરાવ આંબેડર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, સરદાર વલ્લભભાઈ પટેલ, મૌલાના અબુલ કલામ આઝાદ આ સભાના પ્રમુખ સભ્યો હતા. બંધારણ વિશ્વનું સૌથી લાંબું લખાયેલું સંવિધાન છે. બંધારણ લખનારી સમિતીએ તેને હિંદી, અંગ્રેજીમાં હાથથી લખીને કેલિગ્રાફ કર્યું હતું. તેમાં કોઈ ટાઈપિંગ કે પ્રિન્ટિંગ સામેલ ન હતી. આઝાદી મળ્યા પછી એક બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. બંધારણ સભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના રોજ મળી એ બંધારણ સભામાં કુલ ૩૮૯ સભ્યો હતા ત્યારબાદ ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ ડ્રાફ્ટિંગ કમિટીની રચના થઈ જેનું નેતૃત્વ ડૉ. ભીમરાવ આંબેડકર દ્વારા કરવામાં આવ્યું હતું. ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણના મુસદ્દાનો સ્વીકાર થયો અને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ ૨૮૪ સભ્યોએ તેમાં હસ્તાક્ષર કર્યા અને અંતે ૨૬ જાન્યુઆરીએ દેશમાં બંધારણ લાગુ કરવામાં આવ્યું. ભારતનું બંધારણ લિખિત અને વિસ્તૃત છે. તેમાં વિવિધ કાયદાઓ અને અધિકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ન્યાયપાલિકાની સ્વતંત્રતા, યાત્રા, રહેણીકરણી, ભાષણ, ધર્મ, શિક્ષા વગેરેની સ્વતંત્રતા, એક જ રાષ્ટ્રીયતા, રાષ્ટ્રીય સ્તરે જાતિ વ્યવસ્થાની રચના, સમાન નાગરિક સંહિતા અને અધિકૃત ભાષાઓ, કેન્દ્ર ગણરાજ્ય સમાન છે, બુદ્ધ અને બૌદ્ધ અનુષ્ઠાનનો પ્રભાવ, મહિલાઓનાં મતદાન અધિકારને લગતી ઘણી બાબતો દર્શાવાઈ છે. ભારતનાં બંધારણની આટલી સક્ષમતા જોઈને વિભિન્ન દેશોએ ભારતીય સંવિધાનને અપનાવ્યું છે.

- મિતલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

ભારતમાં મહિલાઓના સ્વાસ્થ્ય સામે મોટો ખતરો: દર બેમાંથી એક મહિલા એનિમિયાનો શિકાર

અહેવાલ મુજબ દેશમાં ૨૦થી ૫૯ વર્ષની ૫૫ ટકા અને ૧૫થી ૪૯ વર્ષની ૫૬ ટકા મહિલાઓમાં લોહીની ઉણપ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૨૫

ભારતમાં મહિલાઓના સ્વાસ્થ્યને લઈને ચિંતાજનક હકીકત સામે આવી છે. દેશમાં દર બેમાંથી એકથી વધુ મહિલાઓ એનિમિયા એટલે કે લોહીની ઉણપથી પીડાઈ રહી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના નવા અહેવાલમાં આ ખુલાસો થયો છે. વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫ દરમિયાન હાથ ધરાયેલા સર્વે મુજબ, દેશમાં ૨૦થી ૫૯ વર્ષની આશરે ૫૫ ટકા મહિલાઓ અને ૧૫થી ૪૯ વર્ષની ૫૬ ટકા મહિલાઓ એનિમિયાની સમસ્યાનો સામનો કરી રહી છે. આ આંકડા મહિલાઓના પોષણ અને સ્વાસ્થ્ય અંગે ગંભીર ચિંતા ઊભી કરે છે.

ICMRના પોપ્યુલેશન હેલ્થ, એક્ટિવિટી, ડાયટ એન્ડ એન્થ્રોપોમેટ્રી એસેસમેન્ટ સર્વેમાં દેશના વિવિધ રાજ્યોમાં મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણની સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને પંજાબમાં ૭૦ ટકાથી વધુ મહિલાઓ એનિમિયાથી પીડાતી હોવાનું સામે આવ્યું છે. કર્ણાટકમાં ૨૦થી ૫૯ વર્ષની ૪૮ ટકાથી વધુ મહિલાઓમાં લોહીની ઉણપ જોવા મળી છે. જ્યારે ૧૫થી ૪૯ વર્ષની



છત્તીસગઢમાં સૌથી વધુ ૬૫.૪ ટકા કિશોરીઓ એનિમિયાથી પીડાય છે

મહિલાઓમાં આ પ્રમાણ આશરે ૫૦ ટકા છે. દક્ષિણ ભારતનાં પાંચ રાજ્યોની સરખામણીમાં કેરળમાં એનિમિયાની સમસ્યા સૌથી ઓછી જોવા મળી છે. અહીં ૨૦થી ૫૯ વર્ષની ૨૮ ટકા અને ૧૫થી ૪૯ વર્ષની ૨૯ ટકા મહિલાઓ એનિમિયાથી પીડાય છે. બીજી તરફ આંધ્રપ્રદેશમાં સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક છે. અહીં બંને વયજૂથની ૬૮ ટકાથી વધુ મહિલાઓ એનિમિયાનો શિકાર છે. તેલંગાણામાં ૨૦થી ૫૯ વર્ષની ૫૧ ટકા અને ૧૫થી ૪૯ વર્ષની ૫૪ ટકા મહિલાઓમાં લોહીની ઉણપ જોવા મળી છે. તમિલનાડુમાં આ પ્રમાણ અનુક્રમે ૫૧.૪ ટકા અને ૫૩ ટકા નોંધાયું છે. મધ્ય ભારતમાં મધ્યપ્રદેશની સ્થિતિ પ્રમાણમાં સારી રહી છે, જ્યાં આશરે ૪૦ ટકા મહિલાઓ એનિમિયાથી પીડાય છે.

માત્ર પુખ્ત મહિલાઓ જ નહીં, પરંતુ કિશોરીઓમાં પણ એનિમિયાની સમસ્યા ગંભીર બની રહી છે. ICMRના અહેવાલ મુજબ દેશમાં ૧૦થી ૧૯ વર્ષની ૪૬ ટકાથી વધુ કિશોરીઓ એનિમિયાથી પીડાઈ રહી છે. રાજ્યવાર આંકડા પર નજર કરીએ તો છત્તીસગઢમાં સૌથી વધુ ૬૫.૪ ટકા કિશોરીઓ એનિમિયાગ્રસ્ત છે. ત્યારબાદ ગુજરાતમાં ૬૧.૪ ટકા, પશ્ચિમ બંગાળમાં ૬૦.૪ ટકા, બિહારમાં ૫૭.૬ ટકા, આંધ્રપ્રદેશમાં ૫૧.૯ ટકા અને રાજસ્થાનમાં ૫૦.૨ ટકા કિશોરીઓમાં એનિમિયા જોવા મળ્યો છે. હૈદરાબાદ સ્થિત ICMRની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રિશન દ્વારા તૈયાર કરાયેલા અહેવાલમાં એનિમિયાને



હળવો, મધ્યમ અને ગંભીર એમ ત્રણ પ્રકારમાં વર્ગીકૃત કરવામાં આવ્યો છે. અહેવાલ મુજબ એનિમિયાથી પીડાતી લગભગ અડધી મહિલાઓમાં હળવા પ્રકારનો એનિમિયા જોવા મળે છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર મહિલાઓ, સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓ, કિશોરો અને બાળકોમાં પણ હળવા એનિમિયાનું પ્રમાણ નોંધપાત્ર છે. અહેવાલમાં એનિમિયા પાછળ આયર્નની ઉણપને મુખ્ય કારણોમાંનું એક ગણાવવામાં આવ્યું છે.

મહિલાઓ, કિશોરો અને બાળકોમાં એનિમિયાના આશરે અડધા કેસમાં આયર્નની ઉણપ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ખાસ કરીને પાંચ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો, કિશોરીઓ અને પ્રજનન વયની મહિલાઓમાં આ સમસ્યા વધુ જોવા મળે છે. આ આંકડા દર્શાવે છે કે મહિલાઓ અને કિશોરીઓના પોષણ, યોગ્ય આહાર અને સ્વાસ્થ્ય તપાસ પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે.

સ્પોર્ટ્સ ન્યુઝ

યુવરાજ સિંહની ૩૦ મિનિટની શિખામણનો જાદુ

સતત નિષ્ફળતાથી પરેશાન હતો ૧૫ વર્ષનો યુવા બેટર



આદર્શ યુવરાજ સાથેની વાતચીત બાદ બદલાઈ બેટિંગ; UAE સામે વૈભવ સૂર્યવંશીએ કર્યો હતો ચોગ્ગા-છગ્ગાનો વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

દોહા, તા.૨૫ : ભારતીય ક્રિકેટના ઉભરતા સિતારા વૈભવ સૂર્યવંશીએ ફરી એકવાર પોતાની વિસ્ફોટક બેટિંગથી ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે આ યુવા બેટરે UAE સામે એવી ઐતિહાસિક ઈનિંગ રમી કે અનેક રેકોર્ડ તૂટી ગયા. જોકે, આ શાનદાર પ્રદર્શન પાછળ એક ખાસ વ્યક્તિની ૩૦ મિનિટની શિખામણનો પણ મોટો ફાળો રહ્યો છે. વૈભવે ખુદ ખુલાસો કર્યો છે કે સતત રન ન બનતાં તે પરેશાન હતો અને આ મુશ્કેલીમાંથી બહાર આવવા તેણે પોતાના આદર્શ યુવરાજ સિંહની મદદ લીધી હતી.

હાલ કતારના દોહામાં એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ ૨૦૨૬ની ૫૦ ઓવરની ટુર્નામેન્ટ રમાઈ રહી છે. મંગળવારે UAE સામેની મેચમાં વૈભવે માત્ર ૫૩ બોલમાં અણનમ ૨૦૪ રન ફટકારી મેદાન પર રનનો વરસાદ વરસાવ્યો હતો. તેની આ ઈનિંગમાં ૨૮ ચોગ્ગા અને ૧૪ છગ્ગાનો સમાવેશ થયો હતો. વૈભવની તોફાની બેટિંગના આધારે ભારત-Aએ માત્ર ૧૪.૨ ઓવરમાં ૨૫૦ રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. આ ઐતિહાસિક ઈનિંગ બાદ BCCI દ્વારા વૈભવ સાથેની વાતચીતનો વીડિયો શેર કરવામાં આવ્યો હતો. જેમાં તેણે પોતાની તૈયારીઓ અને યુવરાજ સિંહ પાસેથી મળેલી સલાહ અંગે ખુલાસો કર્યો હતો.

વૈભવે જણાવ્યું કે, છેલ્લી કેટલીક મેચોમાં તેના બેટમાંથી રન નીકળી રહ્યા નહોતા. જેના કારણે તે માનસિક રીતે પરેશાન હતો અને બેટિંગ કરતી વખતે તેનું ધ્યાન પણ વારંવાર ભટકતું હતું. આ મુશ્કેલી અંગે તેણે પોતાના પિતા, કોચ, મિત્ર અને પોતાના આદર્શ યુવરાજ સિંહ સાથે વાત કરી હતી.

વૈભવે જણાવ્યું કે, યુવરાજ સિંહ સાથે તેણે પોતાની બેટિંગની સમસ્યાઓ અંગે ખુલ્લા મનથી ચર્ચા કરી હતી. તેણે ક્રીઝ પર બેટિંગ કરતી વખતે આવતી મુશ્કેલીઓ વિશે યુવરાજને જણાવ્યું હતું. ત્યારબાદ યુવરાજે લગભગ ૩૦ મિનિટ સુધી તેને સમજાવ્યો હતો અને રમતને સરળ રાખવાની સલાહ આપી હતી.

યુવરાજે તેની કેટલીક ટેક્નિકલ ખામીઓ તરફ ધ્યાન દોર્યું હતું અને તેમાં સુધારો કરવા માટે જરૂરી સૂચનો આપ્યા હતા. વૈભવના જણાવ્યા અનુસાર યુવરાજે તેને સમજાવ્યું હતું કે જો તે શરૂઆતના ૨૦ બોલ સુધી ક્રીઝ પર ટકી જાય તો ત્યારબાદ તેનો સ્કોર અલગ જ સ્તરે પહોંચી શકે છે. યુવરાજની આ સલાહને વૈભવે ગંભીરતાથી લીધી અને મેદાન પર તેનો અમલ કરવાનો પ્રયાસ કર્યો હતો.

માત્ર યુવરાજની સલાહ જ નહીં, પરંતુ વૈભવે પોતાની જૂની મેચોના વીડિયો પણ જોયા હતા. બેટિંગ દરમિયાન ક્યાં ભૂલો થઈ રહી હતી અને કઈ ટેક્નિકલ બાબતોમાં સુધારો કરવાની જરૂર હતી તેનું તેણે વિશ્લેષણ કર્યું હતું. પોતાની ખામીઓ ઓળખીને તેને સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

આ તૈયારીનું પરિણામ UAE સામેની મેચમાં જોવા મળ્યું. વૈભવે આક્રમક બેટિંગ કરીને માત્ર ૫૩ બોલમાં અણનમ ૨૦૪ રન ફટકાર્યા અને ભારતીય ક્રિકેટમાં પોતાની પ્રતિભાનો વધુ એક પરિચય આપ્યો. ૧૫ વર્ષની ઉંમરે વૈભવની આ ઐતિહાસિક ઈનિંગે સાબિત કર્યું કે પ્રતિભાની સાથે યોગ્ય માર્ગદર્શન, મહેનત અને પોતાની ભૂલોમાંથી શીખવાની તૈયારી પણ સફળતામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

વાર્ષિક ૩.૧૨ કરોડ સુધી પહોંચી શકે છે લોગોની કિંમત

વૈભવ સૂર્યવંશીની બેવડી સદીનો બેટ પર પણ જાદુ

UAE સામેની ઐતિહાસિક ઇનિંગ બાદ મોટી બ્રાન્ડ્સની નજર; MRF સાથે રૂપિયા ૧૨ કરોડની ડીલની ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫ : ભારતીય ક્રિકેટના યુવા સિતારા વૈભવ સૂર્યવંશીએ UAE સામે માત્ર ૫૩ બોલમાં ૨૦૩ રનની ઐતિહાસિક ઈનિંગ રમીને ક્રિકેટ જગતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. મેદાન પર તેની બેટિંગનો જલવો જોવા મળ્યા બાદ હવે મેદાનની બહાર પણ તેની બ્રાન્ડ વેલ્યુમાં મોટો ઉછાળો આવવાની શક્યતા છે. વૈભવના બેટ પર કંપનીનો લોગો લગાવવા માટે મોટી બ્રાન્ડ્સ રસ દાખવી રહી છે. અહેવાલો અનુસાર, તેના બેટ પર લોગો લગાવવાની વાર્ષિક ફી ૩.૧૨ કરોડ સુધી પહોંચવાની ચર્ચા છે.

વૈભવ સૂર્યવંશીએ IPL 2026માં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે ૧૬ ઈનિંગ્સમાં ૭૭૬ રન બનાવી ઓરેન્જ કેપ મેળવી હતી અને ટુર્નામેન્ટનો MVP પણ બન્યો હતો. તેના આ પ્રદર્શન બાદ જાણીતી બેટ નિર્માતા કંપની MRFએ તેમાં રસ દાખવ્યો હતો.

અહેવાલો અનુસાર, જૂન ૨૦૨૬માં MRF અને વૈભવના મેનેજમેન્ટ વચ્ચે કરારને લઈને વાતચીત થઈ હતી. વૈભવના મેનેજરે વાર્ષિક ૩.૧૨ કરોડની માંગણી કરી હોવાનું કહેવાય છે. જોકે, આર્થિક વ્યવહારિકતા અને ફીની રકમ અંગે સહમતી ન બનતાં વાતચીત આગળ વધી શકી નહોતી. હવે UAE સામેની ઐતિહાસિક ઈનિંગ બાદ વૈભવની બ્રાન્ડ વેલ્યુમાં વધુ વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વૈભવ છેલ્લા ત્રણ વર્ષથી મેરઠ સ્થિત સરીન સ્પોર્ટ્સ (SS) કંપનીના બેટનો ઉપયોગ કરી રહ્યો છે. અહેવાલો મુજબ, તેના બેટની કિંમત આશરે ૩.૧.૫૦ લાખથી ૩.૨ લાખ સુધી છે. જૂન ૨૦૨૬માં આયર્લેન્ડ પ્રવાસ દરમિયાન વૈભવ સ્ટીકર વગરના બેટ સાથે રમતો જોવા મળ્યો હતો. થોડા સમય માટે બેટ પર 'હીરો'નું સ્ટીકર પણ જોવા મળ્યું હતું. ત્યારબાદ ફરીથી SS કંપનીનું સ્ટીકર બેટ પર જોવા મળ્યું હતું.

અહેવાલો અનુસાર, SS કંપનીએ અગાઉ વાર્ષિક ૩.૫૦ લાખની ફી વધારીને ૩.૨ કરોડ કરી હતી. જોકે, કંપનીના ડિરેક્ટર જતીન સરીને આ અંગે કોઈ ચોક્કસ માહિતી આપવાનો ઇનકાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ખેલાડીઓ સાથેના કરાર નોન-ડિસ્ક્લોઝર એગ્રીમેન્ટ હેઠળ થતા હોવાથી તેઓ આ વિષય પર ટિપ્પણી કરી શકતા નથી.

વૈભવની તાજેતરની ઈનિંગ બાદ તેની માર્કેટ વેલ્યુમાં મોટો ઉછાળો આવવાની ચર્ચા છે. જો કોઈ મોટી કંપની તેની માંગણી મુજબ વાર્ષિક ૩.૧૨ કરોડનો કરાર કરે તો બેટ પર લોગો લગાવવાની ફીના મામલે તે ક્રિકેટ જગતના મોટા નામોની હરોળમાં પહોંચી શકે છે. વિરાટ કોહલી જેવા દિગ્ગજ ક્રિકેટરોના બેટ સ્પોન્સરશિપ કરારની સરખામણીમાં પણ વૈભવની સંભવિત ડીલની ચર્ચા થઈ રહી છે. જોકે, હાલમાં ૩.૧૨ કરોડની કોઈ સત્તાવાર ડીલ જાહેર થઈ નથી.

માત્ર ૧૫ વર્ષની ઉંમરે વૈભવે આંતરરાષ્ટ્રીય સ્તરની ક્રિકેટ સ્પર્ધામાં પોતાની બેટિંગથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. તેની આક્રમક બેટિંગ અને સતત વધતી લોકપ્રિયતાને કારણે મોટી કંપનીઓ માટે તે આકર્ષક બ્રાન્ડ બની રહ્યો છે.

હવે જોવાનું એ રહેશે કે આગામી સમયમાં SS કંપની સાથે તેનો કરાર આગળ વધે છે કે પછી MRF જેવી મોટી કંપની સાથે નવો કરાર થાય છે. જોકે, એક વાત સ્પષ્ટ છે કે વૈભવની ઐતિહાસિક ઈનિંગે તેની બ્રાન્ડ વેલ્યુ અંગેની ચર્ચાને નવી ઊંચાઈ આપી છે.

મોદી કેબિનેટે રૂપિયા ૧૯,૯૩૪ કરોડના ૫ પ્રોજેક્ટને આપી મંજૂરી, હવે દેશમાં જ બનશે ટનલ બોરિંગ મશીન અને ક્રેન

ચીન પરની આયાત નિર્ભરતા ઘટાડવા ૧૧ હજાર કરોડની યોજના; આસામમાં નવું એરપોર્ટ, તમિલનાડુમાં કન્ટેનર ટર્મિનલ અને પોસ્ટલ સેવાઓનું આધુનિકીકરણ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં દેશના માળખાકીય વિકાસ અને ઔદ્યોગિક ક્ષેત્રને વેગ આપવા માટે કુલ રૂ.૧૯,૯૩૪ કરોડના પાંચ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયોમાં ભારતમાં જ ટનલ બોરિંગ મશીન, ક્રેન અને બુલડોઝર સહિતનાં ભારે બાંધકામ ઉપકરણોનું ઉત્પાદન કરવા માટેની યોજના, તમિલનાડુમાં નવા કન્ટેનર ટર્મિનલનું નિર્માણ, આસામમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ, તેમજ પોસ્ટલ સેવાઓ અને સરકારી મિલકતોના આધુનિકીકરણનો સમાવેશ થાય છે. સરકારના આ નિર્ણયોથી દેશમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળવાની સાથે આયાત પરની નિર્ભરતા ઘટાડવા, રોકાણ વધારવા અને રોજગારીની નવી તકો ઊભી થવાની અપેક્ષા છે.

કેન્દ્રીય કેબિનેટે કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મશીનરીના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે રૂ.૧૧,૦૦૦ કરોડની યોજનાને મંજૂરી આપી છે. આ યોજના આગામી આઠ વર્ષ સુધી અમલમાં રહેશે. હાલમાં ભારતની જરૂરિયાતનાં અંદાજે ૪૫ ટકા બાંધકામ ઉપકરણો વિદેશમાંથી આયાત કરવામાં આવે છે. આ આયાત નિર્ભરતા ઘટાડવા માટે ટનલ બોરિંગ મશીન, એક્સકેવેટર, ક્રેન અને બુલડોઝર સહિત સાત શ્રેણીનાં ભારે ઉપકરણોનું દેશમાં જ ઉત્પાદન કરવામાં આવશે. આ ઉપરાંત એન્જિન અને હાઇડ્રોલિક સિસ્ટમ સહિત પાંચ મુખ્ય ઘટકોના સ્થાનિક ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપવામાં આવશે.

મશીનોના પરીક્ષણ માટે ARAIને રૂ.૩૭૫ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે. આ યોજનાથી અંદાજે રૂ.૨૧,૦૦૦ કરોડનું રોકાણ આવવાની અપેક્ષા છે.

કેબિનેટે તમિલનાડુના કામરાજાર પોર્ટ લિમિટેડ ખાતે બીજા કન્ટેનર ટર્મિનલના નિર્માણને પણ મંજૂરી આપી છે. પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ તૈયાર થનારા આ પ્રોજેક્ટ પાછળ રૂ.૪,૨૮૮.૨૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આશરે ૯૦૦ મીટર લાંબું આ ટર્મિનલ બે તબક્કામાં વિકસાવવામાં આવશે. તેની વાર્ષિક હેન્ડલિંગ ક્ષમતા ૨૦ લાખ TEUs રહેશે. આ ટર્મિનલ મોટા કન્ટેનર જહાજોને સંભાળવામાં સક્ષમ બનશે. પ્રોજેક્ટથી આશરે ૧,૫૫૦ લોકોને રોજગારી મળવાની સંભાવના છે. આ પ્રોજેક્ટનો સંપૂર્ણ ખર્ચ ખાનગી ભાગીદારો દ્વારા ઉઠાવવામાં આવશે. ઉત્તર-પૂર્વ ભારતના હવાઈ જોડાણને મજબૂત બનાવવા માટે આસામના સિલચર નજીક ડોલૂ ખાતે નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ રૂ.૨,૦૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવા એરપોર્ટમાં ૧૨,૩૫૧ ચોરસ મીટર વિસ્તારમાં આધુનિક ટર્મિનલ બનાવવામાં આવશે. તે પીક અવર્સ દરમિયાન ૮૦૦ મુસાફરોને સંભાળી શકશે. એરપોર્ટ પર A-320 વિમાનો માટે ૨,૭૦૫ મીટર લાંબો રનવે અને એકસાથે છ વિમાનો પાર્ક કરવાની સુવિધા હશે. આ એરપોર્ટ કાર્યરત થતાં દક્ષિણ આસામના બરાક ખીણ વિસ્તાર ઉપરાંત આસપાસનાં રાજ્યોમાં વેપાર, કૃષિ, ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને વેગ મળવાની અપેક્ષા છે.

ભારતીય ટપાલ વિભાગની કામગીરીને વધુ આધુનિક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે પોસ્ટલ ઓપરેશન્સ સ્કીમ હેઠળ રૂ.૧,૧૪૧ કરોડના બજેટને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના દ્વારા ટપાલ સેવાઓની કામગીરી અને વ્યવસ્થાપનને વધુ સુદૃઢ બનાવવાનો હેતુ છે.

કેબિનેટે એસ્ટેટ મેનેજમેન્ટ સ્કીમ હેઠળ રૂ.૧,૪૯૧ કરોડની ફાળવણીને પણ મંજૂરી આપી છે. આ રકમનો ઉપયોગ ટપાલ વિભાગની મિલકતો, ઈમારતો અને માળખાકીય સુવિધાઓના યોગ્ય સંચાલન, જાળવણી અને આધુનિકીકરણ માટે કરવામાં આવશે.

કેન્દ્ર સરકારના આ પાંચ નિર્ણયોમાં ઔદ્યોગિક ઉત્પાદનથી લઈને પરિવહન, બંદર વિકાસ અને ટપાલ સેવાઓ સુધીના વિવિધ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. ખાસ કરીને ભારે બાંધકામ મશીનરીનું ભારતમાં ઉત્પાદન શરૂ થવાથી વિદેશી આયાત પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે. સાથે જ નવા એરપોર્ટ અને કન્ટેનર ટર્મિનલથી વેપાર તથા પરિવહન ક્ષેત્રને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે.

વિદેશમાં MBBS કરનારા ભારતીય વિદ્યાર્થીઓએ જે તે દેશમાંથી પ્રેક્ટિસ લાયસન્સની મંજૂરી લેવામાંથી મુક્તિ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫

વિદેશમાં MBBSનો અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ માટે નેશનલ મેડિકલ કમિશન (NMC) દ્વારા મહત્ત્વનો ડ્રાફ્ટ સુધારો જાહેર કરવામાં આવ્યો છે. આ સુધારા મુજબ વિદેશથી મેડિકલ ડિગ્રી મેળવનારા ભારતીય વિદ્યાર્થીઓને ભારતમાં મેડિકલ પ્રેક્ટિસનું લાયસન્સ મેળવવા માટે જે તે દેશના નાગરિકોની જેમ પ્રેક્ટિસ લાયસન્સ મેળવવાની મંજૂરી હોવી ફરજિયાત નહીં રહે. તેના બદલે, જે તે દેશના સક્ષમ મેડિકલ સત્તામંડળમાં રજિસ્ટ્રેશન હોવું જરૂરી રહેશે.

ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાંથી વિદ્યાર્થીઓ MBBS માટે રશિયા, ચીન, જ્યોર્જિયા, ફિલિપાઈન્સ અને જર્મની જેવા દેશોમાં જાય છે. અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ભારતમાં પ્રેક્ટિસ કરવા માટે ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ એક્ઝામ (FMGE), ઈન્ટર્નશિપ સહિતના નિયમોનું પાલન કરવું પડે છે. 2021ના ફોરેન મેડિકલ ગ્રેજ્યુએટ રેગ્યુલેશન્સની સેક્શન 4Bમાં અગાઉ એવી જોગવાઈ હતી કે વિદેશમાં અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ ત્યાંના નાગરિકોની જેમ પ્રેક્ટિસ લાયસન્સ મેળવવા માટે લાયક હોવા જોઈએ. રશિયા સહિતના કેટલાક દેશોમાં ભાષાની પરીક્ષા અને અન્ય પ્રક્રિયાઓને કારણે ભારતીય વિદ્યાર્થીઓને આ શરત પૂરી કરવામાં મુશ્કેલી પડતી હતી.

NMCના ડ્રાફ્ટ સુધારામાં આ શરત હળવી કરવામાં આવી છે. હવે વિદેશમાં મેડિકલ ડિગ્રી મેળવ્યા બાદ જે તે દેશના સક્ષમ સત્તામંડળ અથવા મેડિકલ કાઉન્સિલમાં રજિસ્ટ્રેશન હોવું પૂરતું રહેશે. આ ડ્રાફ્ટ અંગે સૂચનો અને મંતવ્યો માટે 30 દિવસનો સમય આપવામાં આવ્યો છે. સુધારો ફાઈનલ થયા બાદ 18 નવેમ્બર 2021 અથવા ત્યારબાદ પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓને લાગુ પડશે.

રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત

CBI અને ED તપાસના હાઈકોર્ટના આદેશને રદ કર્યો, નવેસરથી સુનાવણી કરવા નિર્દેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કથિત આવક કરતાં વધુ સંપત્તિના મામલે સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે આ કેસમાં CBI અને ED દ્વારા તપાસ કરાવવાના અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રદ કરીને સમગ્ર મામલે નવેસરથી વિચારણા કરવા હાઈકોર્ટને નિર્દેશ આપ્યો છે. સાથે જ રાહુલ ગાંધીને પણ આ કેસમાં પક્ષકાર બનાવી તેમનો પક્ષ સાંભળવા જણાવ્યું છે.

ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે આ મામલે સુનાવણી કરતાં સ્પષ્ટ કર્યું હતું કે સંબંધિત તમામ પક્ષોને સાંભળ્યા બાદ જ આગળનો નિર્ણય લેવામાં આવે. આ નિર્ણયથી રાહુલ ગાંધીને કાનૂની રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે ભાજપના કાર્યકર વિગ્નેશ શિશિરે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ સમક્ષ અરજી કરી હતી. અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાહુલ ગાંધીએ અત્યાર સુધી વિદેશ પ્રવાસ પાછળ અંદાજે રૂ. ૬૦ કરોડનો ખર્ચ કર્યો છે, જે તેમની જાહેર કરેલી આવકની સરખામણીએ વધુ છે. આ મામલે CBI અને ED દ્વારા તપાસ કરવાની માગ કરવામાં આવી હતી.

અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ૧૭ ઓગસ્ટે થયેલી સુનાવણી દરમિયાન તેમના વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે હાઈકોર્ટે એકતરફી રીતે આદેશ આપ્યો હતો. ફરિયાદીનો આ મામલા સાથે સીધો સંબંધ ન હોવા છતાં બંધ ચેમ્બરમાં સુનાવણી કરવામાં આવી હતી. વધુમાં, સીલબંધ કવરમાં રજૂ કરાયેલી માહિતી મીડિયામાં લીક થતી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

બીજી તરફ, અરજીકર્તા વિગ્નેશ શિશિરે રાહુલ ગાંધીની અરજીનો વિરોધ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે પ્રાથમિક તપાસના તબક્કે કાયદા હેઠળ પ્રસ્તાવિત આરોપીને સાંભળવાની કોઈ જોગવાઈ નથી. CBI તરફથી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ જણાવ્યું હતું કે એજન્સી હાલમાં પ્રાથમિક તપાસ કરી રહી છે અને તપાસ પૂર્ણ થયા બાદ FIR નોંધવા અંગે નિર્ણય લેવામાં આવશે.

આ દરમિયાન જસ્ટિસ જોયમાલ્યા બાગચીએ સવાલ ઉઠાવ્યો હતો કે જો આરોપો આટલા ગંભીર હતા તો CBIએ સ્વયં આગળ આવીને કાર્યવાહી કેમ ન કરી? સુપ્રીમ કોર્ટના આદેશ બાદ હવે અલ્હાબાદ હાઈકોર્ટ તમામ સંબંધિત પક્ષોને સાંભળીને આ મામલે નવેસરથી નિર્ણય લેશે. આમ, હાલના તબક્કે રાહુલ ગાંધી સામે CBI અને ED તપાસ કરાવવાનો હાઈકોર્ટનો અગાઉનો આદેશ અમલમાં રહ્યો નથી.

રેન્કિંગમાં બુમરાહ પાંચમા સ્થાનેથી સીધો બીજા ક્રમે પહોંચ્યો, રોહિત શર્માને ફટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહે ICCની તાજેતરની ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં શાનદાર છલાંગ લગાવી છે. ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં પ્રભાવશાળી બોલિંગનું પરિણામ તેને મળ્યું છે. બુમરાહ ત્રણ સ્થાનનો સુધારો કરીને પાંચમા સ્થાનેથી સીધો બીજા ક્રમે પહોંચી ગયો છે. બીજી તરફ, ભારતીય કેપ્ટન રોહિત શર્માને રેન્કિંગમાં નુકસાન થયું છે અને તે વનડે બેટિંગના ટોપ-૫માંથી બહાર થઈ ગયો છે.

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં જસપ્રીત બુમરાહે શાનદાર બોલિંગ કરી હતી. તેણે પ્રથમ ઈનિંગમાં ચાર સહિત સમગ્ર મેચમાં પાંચ વિકેટ ઝડપી હતી. ન્યૂઝીલેન્ડના બેટર ટોમ લાથમને બંને ઈનિંગમાં શૂન્ય રને આઉટ કરીને બુમરાહે પોતાની બોલિંગનો પ્રભાવ બતાવ્યો હતો.

જોકે, આ મુકાબલો ડ્રોમાં સમાપ્ત થયો હતો અને ભારતીય ટીમને જીત મળી નહોતી. તેમ છતાં બુમરાહના વ્યક્તિગત પ્રદર્શનને કારણે ICC રેન્કિંગમાં તેને મોટો ફાયદો થયો છે. ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઝડપી બોલર મિશેલ સ્ટાર્કે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. તે ૮૮૧ રેટિંગ પોઈન્ટ સાથે ટોચ પર છે. જસપ્રીત બુમરાહ ૮૫૬ રેટિંગ પોઈન્ટ સાથે બીજા ક્રમે પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડનો ઓલી રોબિન્સન પણ ૮૫૬ રેટિંગ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને છે. વનડે બેટિંગ રેન્કિંગમાં ભારતીય ખેલાડી શુભમન ગિલે પોતાનું પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. ન્યૂઝીલેન્ડનો ડેરિલ મિશેલ બીજા અને વિરાટ કોહલી ત્રીજા ક્રમે યથાવત છે.

ઈંગ્લેન્ડના બેન ડકેટે ત્રણ સ્થાનની છલાંગ લગાવી ચોથું સ્થાન મેળવ્યું છે. બીજી તરફ, ભારતીય બેટર રોહિત શર્મા ટોપ-૫માંથી બહાર થઈ ગયો છે. આ ફેરફાર ભારતીય ક્રિકેટ ચાહકો માટે મોટો ઝટકો છે. ટેસ્ટ બેટિંગ રેન્કિંગમાં ઈંગ્લેન્ડનો હેરી બ્રુક પ્રથમ સ્થાને યથાવત છે. દક્ષિણ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાએ એક સ્થાનની પ્રગતિ કરીને ત્રીજું સ્થાન મેળવ્યું છે, જ્યારે ઓસ્ટ્રેલિયાનો ટ્રેવિસ હેડ એક સ્થાન નીચે ઉતરી ચોથા ક્રમે પહોંચ્યો છે.

ટેસ્ટ ઓલરાઉન્ડર રેન્કિંગના ટોપ-૫માં કોઈ ફેરફાર થયો નથી. દક્ષિણ આફ્રિકાનો માર્કો જેનસન ૪૪૦ રેટિંગ સાથે પ્રથમ સ્થાને છે. ભારતનો રવિન્દ્ર જાડેજા ૪૧૪ રેટિંગ સાથે બીજા ક્રમે યથાવત છે. આ યાદીમાં વિઆન મુલ્ડર ત્રીજા, બાંગ્લાદેશનો મેહદી હસન મિરાઝ ચોથા અને દક્ષિણ આફ્રિકાનો સિમોન હાર્મર પાંચમા સ્થાને છે. બુમરાહની આ પ્રગતિ ભારતીય ક્રિકેટ માટે સારા સમાચાર છે. હવે આગામી ટેસ્ટ મુકાબલાઓમાં તેનું પ્રદર્શન તેને ફરી નંબર-૧ના સ્થાન સુધી પહોંચાડે છે કે નહીં તેના પર ચાહકોની નજર રહેશે.

મધ્ય પ્રદેશના સાગર જિલ્લાના બંડા વિસ્તારમાં દારૂ ખરીદવા આવનારનું થશે મેડિકલ ચેકઅપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભોપાલ, તા.૨૫

મધ્ય પ્રદેશના સાગર જિલ્લામાં પ્રશાસનના એક અનોખા અભિયાનની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. સામાન્ય રીતે હોસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે ડોક્ટરોની ટીમ જોવા મળે છે, પરંતુ અહીં દારૂની દુકાનોની બહાર જ મેડિકલ ટીમ તૈનાત કરવામાં આવી છે. દારૂ ખરીદવા આવતા નિયમિત ગ્રાહકોનું બ્લડ પ્રેશર, શુગર અને લિવર-કિડની સહિતની સ્વાસ્થ્ય તપાસ કરવામાં આવી રહી છે. પ્રશાસન આ પહેલને સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન ગણાવી રહ્યું છે.

મળતી માહિતી અનુસાર, સાગર જિલ્લાના બંડા વિસ્તારમાં દારૂના સેવન બાદ થયેલી મોતની ઘટનાઓને પગલે જિલ્લા પ્રશાસને આ અભિયાન શરૂ કર્યું છે. દારૂનું નિયમિત સેવન કરતા લોકોના સ્વાસ્થ્યની સ્થિતિ જાણવા અને તેમને દારૂના નુકસાન અંગે જાગૃત કરવાનો આ અભિયાનનો મુખ્ય હેતુ છે.

કલેક્ટર દિલીપ કુમાર યાદવના નિર્દેશ પર સ્વાસ્થ્ય વિભાગ, આબકારી વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમો આ કામગીરીમાં જોડાઈ છે. આબકારી વિભાગ દ્વારા દારૂની દુકાનોના નિયમિત ગ્રાહકોની યાદી તૈયાર કરવામાં આવી છે. તેના આધારે સાગર, બંડા, દેવરી, બીના અને ખુરઈ સહિતના વિસ્તારોમાં મેડિકલ કેમ્પ યોજવામાં આવી રહ્યા છે. દારૂની દુકાનોની બહાર ટેબલ અને ખુરશીઓ ગોઠવીને ડોક્ટરોની ટીમ દ્વારા લોકોની તપાસ કરવામાં આવે છે. આ દરમિયાન બ્લડ પ્રેશર અને શુગરની તપાસ ઉપરાંત લિવરની સ્થિતિ જાણવા LFT તથા કિડનીની સ્થિતિ જાણવા RFT ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ લેવામાં આવે છે. મીડિયા અહેવાલો અનુસાર, પ્રશાસને સમગ્ર જિલ્લામાં અંદાજે ૩૦૦ નિયમિત દારૂનું સેવન કરતા લોકોની ઓળખ કરી છે. અભિયાનના શરૂઆતના બે દિવસમાં જ લગભગ ૧૫૦ લોકોના બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા છે.

મેડિકલ તપાસની સાથે ડોક્ટરો દ્વારા લોકોને દારૂના સેવનથી શરીર પર થતી હાનિકારક અસરો વિશે સમજાવવામાં આવે છે અને દારૂ છોડવા માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે. આ અભિયાનને લઈને રાજકીય પ્રતિક્રિયાઓ પણ સામે આવી છે.

ભારત સહિત ૭ દેશો પર ૨૫% સુધીના ટેરિફનો અમેરિકન પ્રસ્તાવ, વેપાર સંબંધોમાં તણાવની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન/નવી દિલ્હી, તા. ૨૫

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર દ્વારા ભારત સહિત સાત દેશો પર ૨૫ ટકા સુધીના વધારાના ટેરિફ લાદવાનો પ્રસ્તાવ મૂકવામાં આવતા ભારત-અમેરિકા વેપાર સંબંધોમાં તણાવ વધવાની શક્યતા સર્જાઈ છે. આ પ્રસ્તાવમાં ભારત ઉપરાંત કંબોડિયા, ઈન્ડોનેશિયા, દક્ષિણ કોરિયા, મલેશિયા, તાઈવાન અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે, જ્યારે ચીનથી થતી આયાત પર ૪૦ ટકા સુધીના ટેરિફની દરખાસ્ત રજૂ કરાઈ હોવાના અહેવાલ છે.

અમેરિકાનો આરોપ છે કે કેટલાક દેશો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારની માંગ કરતાં વધુ ઉત્પાદન કરી રહ્યા છે, જેનાથી વૈશ્વિક સ્પર્ધા અસમાન બને છે અને અમેરિકન ઉત્પાદકોને નુકસાન થાય છે. આ હેતુથી અમેરિકાની વેપાર પ્રતિનિધિ કચેરી (USTR) દ્વારા ભારત, બાંગ્લાદેશ, કંબોડિયા, ચીન, ઈન્ડોનેશિયા, જાપાન, દક્ષિણ કોરિયા, મલેશિયા, સિંગાપોર, સ્વિટ્ઝર્લેન્ડ, તાઈવાન, થાઈલેન્ડ, વિયેતનામ અને યુરોપિયન યુનિયન સહિત ૧૪ અર્થતંત્રોની ઉત્પાદન ક્ષમતા અને વેપાર પ્રથાઓની તપાસ ચાલી રહી છે.

ડિસેમ્બરમાં મિયામીમાં યોજાનારી G20 સમિટ અગાઉ આ મુદ્દો ચર્ચામાં આવ્યો છે. જોકે, એક વરિષ્ઠ અમેરિકન અધિકારીના જણાવ્યા અનુસાર આ ટેરિફ દરો હજુ અંતિમ નથી અને જાહેર પરામર્શ તથા જરૂરી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ અમલીકરણ અંગે નિર્ણય લેવાશે, તેમજ સમિટ દરમિયાન અન્ય દેશો સાથે નવા વેપાર કરારો થવાની પણ અમેરિકા આશા રાખે છે.

અહેવાલો મુજબ, USTR દ્વારા વિવિધ દેશો માટે અલગ-અલગ ટેરિફ દર સૂચવાયા છેઃ

★ બાંગ્લાદેશ, યુરોપિયન યુનિયન, જાપાન, સ્વિટ્ઝર્લેન્ડ અને સિંગાપોર માટે ૨૦% સુધીનો ટેરિફ, જ્યારે કંબોડિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ અને બાંગ્લાદેશ માટે મહત્તમ ૧૮% સુધીના ટેરિફનો ઉલ્લેખ કરાયો છે.

★ દક્ષિણ કોરિયા, તાઈવાન, યુરોપિયન યુનિયન, જાપાન અને સ્વિટ્ઝર્લેન્ડ માટે MFN ડ્યૂટી સિવાય ૧૫% સુધીના વધારાના ટેરિફની દરખાસ્ત છે.

★ વિયેતનામ માટે ૩૫% સુધી અને ચીન માટે ૪૦% સુધી (અગાઉ લાગુ ટેરિફ ઉપરાંત ૨૦% વધારાના ટેરિફ સહિત) દરખાસ્ત રજૂ કરાઈ છે.

★ બ્રાઝિલ સામે પણ અલગથી વેપાર કાર્યવાહી હાથ ધરી એરક્રાફ્ટ સહિતની કેટલીક આયાતી ચીજો પર વધારાના ટેરિફનો પ્રસ્તાવ મૂકાયો છે, જે મુદ્દે ૧૪ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ સુનાવણી યોજાવાની છે.

શેખ હસીનાની વાપસી પહેલાં ૨૭-૨૮ નવેમ્બરે દેશવ્યાપી લોકડાઉનનું એલાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫

શેખ હસીનાની વાપસી પહેલાં બાંગ્લાદેશમાં ૨૭-૨૮ નવેમ્બરે દેશવ્યાપી લૉકડાઉનનું એલાન, અવામી લીગે મૂકી ૮ મોટી શરતો. બાંગ્લાદેશ ફરી એકવાર રાજકીય અસ્થિરતાના વમળમાં ફસાતું જોવા મળી રહ્યું છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ૧૬ ડિસેમ્બરે સ્વદેશ પરત ફરવાની જાહેરાત કરતાં જ દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. તેમની વાપસીના એલાન વચ્ચે શેખ હસીનાની પાર્ટી અવામી લીગે ૨૭ અને ૨૮ નવેમ્બરે સમગ્ર દેશમાં લૉકડાઉનનું એલાન કર્યું છે.

બાંગ્લાદેશ ફરી એકવાર રાજકીય અસ્થિરતાના વમળમાં ફસાતું જોવા મળી રહ્યું છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ૧૬ ડિસેમ્બરે સ્વદેશ પરત ફરવાની જાહેરાત કરતાં જ દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. તેમની વાપસીના એલાન વચ્ચે શેખ હસીનાની પાર્ટી અવામી લીગે ૨૭ અને ૨૮ નવેમ્બરે સમગ્ર દેશમાં લૉકડાઉનનું એલાન કર્યું છે.

બાંગ્લાદેશ ફરી એકવાર રાજકીય અસ્થિરતાના વમળમાં ફસાતું જોવા મળી રહ્યું છે. પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ ૧૬ ડિસેમ્બરે સ્વદેશ પરત ફરવાની જાહેરાત કરતાં જ દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. તેમની વાપસીના એલાન વચ્ચે શેખ હસીનાની પાર્ટી અવામી લીગે ૨૭ અને ૨૮ નવેમ્બરે સમગ્ર દેશમાં લૉકડાઉનનું એલાન કર્યું છે. બાંગ્લાદેશના રાજકારણમાં ફરી એકવાર શેખ હસીનાનું નામ કેન્દ્રસ્થાને આવ્યું છે. લાંબા સમયથી ભારત ખાતે નિર્વાસિત જીવન વિતાવી રહેલાં પૂર્વ વડાપ્રધાને ૧૬ ડિસેમ્બરે બાંગ્લાદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ તારીખ બાંગ્લાદેશના વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. શેખ હસીનાની આ જાહેરાત બાદ અવામી લીગના કાર્યકરો ફરી સક્રિય થયા છે. પાર્ટી દ્વારા મંગળવારે વિવિધ સ્થળોએ મશાલ સરઘસ કાઢવામાં આવ્યું હતું. સાથે જ આગામી દિવસોમાં વિરોધ પ્રદર્શનો વધુ તેજ બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. આ રાજકીય ઘટનાક્રમ વચ્ચે અવામી લીગે ૨૭ અને ૨૮ નવેમ્બરે દેશવ્યાપી લૉકડાઉનનું એલાન કરીને સરકાર પર દબાણ વધારવાનો પ્રયાસ કર્યો છે. પાર્ટીની મુખ્ય માગણી શેખ હસીના અને તેના નેતાઓ સામેની કાનૂની કાર્યવાહી પાછી ખેંચવા તથા અવામી લીગ પરનો પ્રતિબંધ દૂર કરવાની છે.

શેખ હસીનાએ બાંગ્લાદેશ પરત ફરવાની તારીખ જાહેર કરી હોવા છતાં તેમની વાપસીનો માર્ગ સરળ દેખાતો નથી. બાંગ્લાદેશ સરકારનું કહેવું છે કે, શેખ હસીના સામેનો કેસ અને સજા કાનૂની પ્રક્રિયા હેઠળ આવે છે. સરકાર તેમના પ્રત્યાર્પણની માંગ કરી ચૂકી છે અને તેઓ પરત ફરે તો કાયદા મુજબ કાર્યવાહી થઈ શકે છે.

શેખ હસીનાની વાપસી અંગે સરકાર અને અવામી લીગ વચ્ચેનો આ વિરોધ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બની શકે છે. ખાસ કરીને ૧૬ ડિસેમ્બરની તારીખ નજીક આવતાં દેશની રાજકીય સ્થિતિ પર સૌની નજર રહેશે. બાંગ્લાદેશમાં વધતા રાજકીય તણાવ વચ્ચે જમાત-એ-ઈસ્લામીના પ્રમુખ અને વિપક્ષના નેતા શફીકુર રહેમાને પોતાનો ઑસ્ટ્રેલિયા અને મલેશિયાનો પ્રવાસ ટૂંકો કર્યો છે. તેઓ ૨૪ નવેમ્બરે ઑસ્ટ્રેલિયાથી સ્વદેશ પરત ફર્યા છે. તેમના પ્રવાસમાં ફેરફાર પાછળ દેશની વર્તમાન પરિસ્થિતિ અને વડાપ્રધાન તારિક રહેમાન સાથે સંભવિત રાજકીય ચર્ચા પણ એક કારણ હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. જોકે, આ મુલાકાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. શેખ હસીનાની વાપસીના એલાન અને દેશમાં વધતી રાજકીય ગરમાગરમી વચ્ચે જમાત-એ-ઈસ્લામીના વડાની આ સક્રિયતા પણ રાજકીય રીતે મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

સાઉદી અરેબિયામાં હૂથીઓનો ડ્રોન હુમલો, બે ભારતીયો સહિત ૧૧ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)

રિયાધ, તા.૨૫

રિયાધના ફાઇનાન્સિયલ ડિસ્ટ્રિક્ટ પર હૂથીઓનો ડ્રોન હુમલો, ૨ ભારતીયો સહિત ૧૧ ઘાયલ. રિયાધઃ સાઉદી અરેબિયાની રાજધાની રિયાધના કિંગ અબ્દુલ્લા ફાઇનાન્સિયલ ડિસ્ટ્રિક્ટમાં હૂથી વિદ્રોહીઓએ ડ્રોન હુમલો કર્યો છે. હુમલામાં ફાઇનાન્સિયલ ડિસ્ટ્રિક્ટના એક ટાવરને નિશાન બનાવવામાં આવ્યું હતું.

સાઉદી સિવિલ ડિફેન્સના જણાવ્યા અનુસાર, આ હુમલામાં કુલ ૧૧ લોકો ઘાયલ થયા છે. આ ટાવર સાઉદી અરેબિયાના પબ્લિક ઇન્વેસ્ટમેન્ટ ફંડના મુખ્યાલય તરીકે પણ ઓળખાય છે. હુમલામાં ઘાયલ થયેલા લોકોમાં ૨ ભારતીય નાગરિકો, ૩ નેપાળી, ૪ ઇજિપ્ત અને ૨ સાઉદી નાગરિકોનો સમાવેશ થાય છે. ભારતીય દૂતાવાસે પણ રિયાધમાં થયેલા ડ્રોન હુમલામાં બે ભારતીય નાગરિકો ઘાયલ થયાની પુષ્ટિ કરી છે.

દૂતાવાસે જણાવ્યું છે કે, ઘાયલોની વધુ વિગતો મેળવવામાં આવી રહી છે અને બંને ભારતીયો તથા તેમના પરિવારજનોને તમામ શક્ય મદદ પૂરી પાડવામાં આવશે. હુમલા બાદ સાઉદી અરેબિયાની આગેવાની હેઠળના ગઠબંધને નાગરિકો અને નાગરિક ઠેકાણાઓને નિશાન બનાવવાની ઘટનાની કડક નિંદા કરી છે. ગઠબંધનના પ્રવક્તાએ ચેતવણી આપી છે કે, નાગરિકો અને નાગરિક મિલકતો પર હૂથી વિદ્રોહીઓ દ્વારા કરવામાં આવતા હુમલાનો નિર્ણાયક જવાબ આપવામાં આવશે. ઘટનાસ્થળે સુરક્ષા અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

વર્તમાન પ્રવાહ CORPORATE NEWS

વારી એનર્જીસને કિવા પીવીઇએલના પીવી મોડ્યુલ રિલાયબિલિટી સ્કોરકાર્ડની તમામ આઠ ટેસ્ટ કેટેગરીઓમાં ટોપ પર્ફોર્મર તરીકે સ્થાન મળ્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

સુરત, તા.૨૫

ભારતની સૌથી મોટી ઇન્ટિગ્રેટેડ ક્લીન એનર્જી ટ્રાન્ઝિશન કંપની વારી એનર્જીસ લિમિટેડને કિવા પીવીઇએલના પીવી મોડ્યુલ રિલાયબિલિટી સ્કોરકાર્ડની તમામ આઠ ટેસ્ટ કેટેગરીઓમાં ટોપ પર્ફોર્મર તરીકે સ્થાન મળ્યું છે. આ લિસ્ટિંગ નવેમ્બર, ૨૦૨૬ની અપડેટનો ભાગ છે, જે સ્કોરકાર્ડની મે, ૨૦૨૬ની રીલિઝ પછી ચાલુ વર્ષની બીજી એડિશન છે. વારી દુનિયાભરના સાત ઉત્પાદકો પૈકીની એક છે, જેનું ઓછામાં ઓછું મોડલ ટાઇપ દરેક પરીક્ષણ થયેલી કેટેગરીમાં ટોપ પર્ફોર્મર તરીકે લિસ્ટ થયું છે.

આ સન્માન પર વારી એનર્જીસ લિમિટેડના પૂર્ણકાલિન ડિરેક્ટર અને સીઇઓ જિજ્ઞેશ રાઠોડે કહ્યું હતું, ''કિવા પીવીઇએલના ટેસ્ટિંગ પ્રોગ્રામની તમામ આઠ કેટેગરીઓમાં ટોપ પર્ફોર્મરનું સ્ટેટ્સ મેળવવું એક મહત્વપૂર્ણ સફળતા છે, ખાસ કરીને ઉદ્યોગે જોયેલાં સૌથી વધુ માગ ધરાવતા ટેસ્ટિંગ વર્ષો પૈકીનાં એક વર્ષમાં. આ સફળતા અમારાં મોડ્યુલમાં એન્જિનીયરિંગની સટિકતા, ગુણવત્તા અને વિશ્વસનિયતાને દર્શાવે છે.

સોલર મોડ્યુલની વિશ્વસનિયતા અને કામગીરીનું પરીક્ષણ કરતી સ્વતંત્ર લેબ કિવા પીવીઇએલનું એનો સ્કોરકાર્ડ રીલિઝ કરવાનું પ્રથમ વર્ષ છે. આ વર્ષમાં બે વાર સ્કોરકાર્ડ જાહેર કરે છે. નવેમ્બરની અપડેટમાં ૪૮ ઉત્પાદકો અને ૩૧૧ મોડલ ટાઇપ ટોપ પર્ફોર્મર તરીકે શામેલ છે. વારીનાં લિસ્ટિંગમાં એની બીઆઇએન અને ડબલ્યુએમએન પ્રોડક્ટ પરિવારોની ૧૮ મોડ્યુલ સીરિઝને આવરી લેવામાં આવી છે.

મુવી ન્યુઝ

મુંબઈમાં લેન્ડિંગ પહેલાં વિમાને ફરી ભરી ઉડાન, સુરતમાં ઈમરજન્સી લેન્ડિંગ

અનુપમ ખેરની ફ્લાઈટ સુરત એરપોર્ટ પર ડાયવર્ટ કરાઈ



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

અનુપમ ખેરની ફ્લાઈટનું સુરતમાં ઈમરજન્સી લેન્ડિંગ! મુંબઈમાં રન-વે પર ઉતરવાની જ હતી ત્યાં ફરી ભરી આકાશમાં ઉડાન, એક્ટરે કહ્યું- ૨ વર્ષમાં ચોથી વખત ડરામણો અનુભવ.

બોલિવૂડના જાણીતા અભિનેતા અનુપમ ખેર માટે હવાઈ મુસાફરીનો એક સામાન્ય પ્રવાસ અચાનક ચિંતાજનક અનુભવમાં ફેરવાઈ ગયો હતો. ગોવાથી મુંબઈ જઈ રહેલી તેમની ફ્લાઈટને મુંબઈમાં લેન્ડિંગ પહેલાં જ ફરી ઊંચાઈ પર જવું પડ્યું હતું. ત્યારબાદ વિમાનમાં ઈંધણ ઓછું હોવાની સ્થિતિ સર્જાતાં તેને સુરત એરપોર્ટ પર ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. આ ફ્લાઈટમાં અનુપમ ખેર સહિત કુલ ૧૪૨ મુસાફરો સવાર હતા. સુરતમાં વિમાનનું સુરક્ષિત લેન્ડિંગ થતાં તમામ મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો.



આ સમગ્ર ઘટનાનો વીડિયો શેર કરીને અનુપમ ખેરે પોતાનો ડરામણો અનુભવ પણ વ્યક્ત કર્યો છે. અનુપમ ખેરે સોશિયલ મીડિયા પર શેર કરેલા વીડિયોમાં જણાવ્યું કે તેઓ ગોવાથી મુંબઈ જવા માટે એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સવાર થયા હતા. વિમાન બપોરે આશરે ૧:૧૦ વાગ્યે ગોવાથી રવાના થયું હતું. મુંબઈ પહોંચ્યા બાદ વિમાન લાંબા સમય સુધી હવામાં ચક્કર લગાવતું રહ્યું હતું. ત્યારબાદ જ્યારે વિમાન રનવે પર લેન્ડ થવાની તૈયારીમાં હતું અને જમીનને સ્પર્શવાની થોડી જ મિનિટો બાકી હતી, ત્યારે અચાનક પાયલટે વિમાનને ફરી ઊંચાઈ પર લઈ જવાનો નિર્ણય લીધો હતો. આ અણધાર્યા નિર્ણયથી વિમાનમાં બેઠેલા મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો.

અનુપમ ખેરના જણાવ્યા પ્રમાણે, રનવે પર અન્ય કોઈ વિમાનની હાજરી અથવા એર ટ્રાફિકની સ્થિતિને કારણે આવું બન્યું હોવાની શક્યતા છે. મુંબઈમાં ફરી લેન્ડિંગ કરવાનો પ્રયાસ કરવાને બદલે પાયલટે પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ફ્લાઈટને સુરત તરફ વાળવાનો નિર્ણય કર્યો હતો. એર ટ્રાફિક કંટ્રોલને વિમાનમાં ઈંધણનું પ્રમાણ લઘુત્તમ સ્તરે પહોંચવાની સ્થિતિ અંગે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ સુરત એરપોર્ટ પર લેન્ડિંગ માટે મંજૂરી માગવામાં આવી હતી. આ ફ્લાઈટમાં કુલ ૧૪૨ મુસાફરો સવાર હતા. વિમાન બપોરે આશરે ૩:૩૧ વાગ્યે સુરત એરપોર્ટ પર સુરક્ષિત રીતે ઉતર્યું હતું. એરપોર્ટ પર ઈમરજન્સી પ્રક્રિયા મુજબ જરૂરી સુરક્ષા વ્યવસ્થા પણ તૈયાર રાખવામાં આવી હતી. સુરત એરપોર્ટ પર સુરક્ષિત લેન્ડિંગ બાદ વિમાનનું રિફ્યુઅલિંગ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત જરૂરી ટેકનિકલ તપાસ અને સલામતી સંબંધિત પ્રક્રિયાઓ પણ પૂર્ણ કરવામાં આવી હતી.

આ સમગ્ર પ્રક્રિયામાં અંદાજે દોઢ કલાકનો સમય લાગ્યો હતો. ત્યારબાદ એર ટ્રાફિક કંટ્રોલ તરફથી જરૂરી મંજૂરી મળતાં વિમાન ફરી મુંબઈ જવા માટે રવાના થયું હતું. આ ઘટનામાં કોઈ જાનહાનિ કે અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. જોકે, લેન્ડિંગ પહેલાં જ વિમાને ફરી ઊંચાઈ પર જતાં મુસાફરો માટે આ અનુભવ ચોક્કસપણે તણાવપૂર્ણ રહ્યો હતો. 'હું નર્વસ ફ્લાયર છું, ૨ વર્ષમાં ચોથી વખત આવું બન્યું' અનુપમ ખેરે વીડિયો દ્વારા પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે તેઓ પહેલેથી જ હવાઈ મુસાફરી દરમિયાન થોડા નર્વસ રહે છે.

રામ ગોપાલ વર્માએ AIથી પોતાનો ડિજિટલ ક્લોન બનાવી લોન્ચ કર્યો



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

રામ ગોપાલ વર્માએ એક્સ પર પોતાનો ડિજિટલ ક્લોન તૈયાર કરી મુકી દીધો છે જે કોઈપણ સવાલોના જવાબો રામુની સ્ટાઈલમાં આપે છે. રામ ગોપાલ વર્માએ જણાવ્યું હતું કે હવે હું મર્યા બાદ પણ મારા વિચારો દ્વારા લોકોની વચ્ચે જીવિત રહીશ. એક એઆઈ એન્જિનિયરે મારો આ ડિજિટલ ક્લોન બનાવ્યો છે.

રામ ગોપાલ વર્માના ડિજિટલ ક્લોનના પહેલા પાના પર જણાવ્યું છે કે મારા નવા વર્ઝનમાં ઘણાં નવા ફિચર્સ ઉમેરવામાં આવશે. આ ડિજિટલ ક્લોન મારા દોસ્તોને ઓળખી કાઢશે. મારી પસંદ અનુસાર ફિલ્મોની સમીક્ષા કરશે અને પોતે પણ કથાઓ લખશે. જેના પરથી એઆઈ દ્વારા લાંબી ફિલ્મ પણ બનાવી શકાશે. ગયા વર્ષે રામ ગોપાલ વર્માએ શિક્ષણ પર એક લાંબી પોસ્ટ મુકી શિક્ષણ ખતમ થઈ ગયું હોવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે જો એઆઈ લાખો કેસ વાંચી થોડી સેકન્ડ્સમાં જ દર્દીઓની બિમારીનું નિદાન કરી શકતું હોય તો મેડિકલ સ્ટુડન્ટે આ શીખવા માટે દસ વર્ષ બગાડવાની શી જરૂર છે? આ કોઈ ડરામણી કલ્પના નથી પણ આજની હકીકત છે.

દિલજીતના કોન્સર્ટ પહેલાં બોમ્બ ધમકીથી ખળભળાટ

બેંગલુરુમાં દિલજીત દોસાંજના કોન્સર્ટને IED બ્લાસ્ટથી ઉડાવવાની ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

પંજાબી સિંગર દિલજીત દોસાંજનો બેંગલુરુ કોન્સર્ટ સતત ચર્ચામાં છે, ત્યારે દિલજીતના આ કોન્સર્ટ પહેલાં સ્થાનિક પોલીસને બોમ્બ બ્લાસ્ટની ધમકીભર્યો ઈમેલ મળ્યો છે. આ ઈમેલમાં કોન્સર્ટ પર IED હુમલો કરવાની ચેતવણી આપવામાં આવી છે.ધારવાડ પોલીસ કમિશનરને એક ઈમેલ મળ્યો છે, જેમાં સિંગર દિલજીત દોસાંજના આગામી બેંગલુરુ કોન્સર્ટમાં IED બ્લાસ્ટની ધમકી આપવામાં આવી છે.

આ કોન્સર્ટ તેના 'ઓરા ઈન્ડિયા ટૂર 2026'ના ભાગરૂપે 29 નવેમ્બરે નાઈસ (NICE) રોડ ગ્રાઉન્ડ પર યોજાવાનો છે. ઈમેલમાં 'ખાલિસ્તાન ઝિંદાબાદ' લખેલું છે અને બોમ્બ હુમલાની ચેતવણી આપવામાં આવી છે. ઈમેલમાં કોન્સર્ટમાં બાળકોને સાથે ન લાવવા, આઈફોન પર આવતા ફોનનો જવાબ ન આપવો અને મેટ્રોમાં પ્રવાસ ટાળવા જેવી બાબતોનો ઉલ્લેખ પણ છે. ધમકી મળ્યા બાદ પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લીધો છે.

મળતી માહિતી મુજબ, આ ધમકીભર્યો ઈમેલ ધારવાડના પોલીસ કમિશનરને મોકલવામાં આવ્યો છે, જેમાં 29 નવેમ્બરે બેંગલુરુના માદાવરામાં આવેલા નાઈસ (NICE) રોડ ગ્રાઉન્ડમાં યોજાનાર દિલજીત દોસાંજના કોન્સર્ટને નિશાન બનાવવાનો ઉલ્લેખ છે. ઈમેલમાં 'ખાલિસ્તાન ઝિંદાબાદ'ના નારાનો ઉપયોગ પણ કરાયો છે.

ગેંગસ્ટરની ધમકીથી બોલિવૂડમાં સુરક્ષાની ચિંતા

સૈફ અલી ખાન, અમિતાભ અને અભિષેક બચ્ચન માટે સુરક્ષા વધારવાની માગ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

મુંબઈમાં ગેંગસ્ટરની કથિત ધમકીઓ વચ્ચે ઓલ ઈન્ડિયન સિને વર્કર્સ એસોસિયેશન (AICWA)એ અભિનેતા સૈફ અલી ખાન, અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન સહિત ફિલ્મી હસ્તીઓની સુરક્ષા વધારવાની માગ કરી છે. એસોસિયેશનના પ્રમુખ સુરેશ શ્યામલાલ ગુપ્તાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અને ગૃહમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખ્યો છે. તેની નકલ મુંબઈ પોલીસ કમિશનર દેવેન્દ્ર ભારતીને પણ મોકલવામાં આવી છે.

AICWAના જણાવ્યા અનુસાર, ગેંગસ્ટરોએ આ કલાકારોને ધમકી આપી હોવાની સાથે તેમની પાસે 200 શૂટર્સ હોવાનો દાવો પણ કર્યો છે. જુહુમાં અભિનેતા ટાઇગર શ્રોફ સાથે જોડાયેલી ફાયરિંગની ઘટના બાદ ફિલ્મ ઉદ્યોગમાં ચિંતા વધી છે. સુરક્ષાની આશંકાને કારણે શહેરમાં ફિલ્મોનાં શૂટિંગનું કામ પણ ધીમું પડ્યું હોવાનો એસોસિયેશનનો દાવો છે. તેની અસર રોજિંદા ધોરણે કામ કરતા ટેક્નિશિયન, સેટ વર્કર્સ, કલાકારો અને અન્ય કર્મચારીઓની રોજીરોટી પર પડી શકે છે.

એસોસિયેશને સરકાર સમક્ષ પાંચ માગણીઓ મૂકી છે. તેમાં સૈફ, અમિતાભ, અભિષેક અને તેમના પરિવારને વધારાની સુરક્ષા, મુંબઈમાં ફિલ્મી હસ્તીઓ અને દિગ્દર્શકોની સલામતી, શૂટિંગ સ્થળોએ પૂરતો પોલીસ બંદોબસ્ત, ગેંગસ્ટરો સામે કડક કાર્યવાહી તથા પ્રેસ કોન્ફરન્સ અને જાહેર કાર્યક્રમો દરમિયાન દેખરેખ રાખવાનો સમાવેશ થાય છે.

AICWAએ જણાવ્યું કે, ફિલ્મ ઉદ્યોગ સાથે મોટી સંખ્યામાં લોકોની રોજીરોટી જોડાયેલી છે. તેથી કલાકારો અને કર્મચારીઓ ભય વિના કામ કરી શકે તે માટે સરકાર અને પોલીસ દ્વારા તાત્કાલિક પગલાં લેવાં જરૂરી છે.

રશ્મિકા મંદાના હવે શીખશે કર્ણાટકી સંગીત

એમ.એસ. સુબ્બુલક્ષ્મીની બાયોપિક માટે રશ્મિકા લેશે શાસ્ત્રીય સંગીતની તાલીમ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ**

સાઉથ અને બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી રશ્મિકા મંદાના અત્યારે પોતાના કરિયરના સૌથી પડકારજનક અને મહત્ત્વાકાંક્ષી તબક્કામાંથી પસાર થઈ રહી છે. એક તરફ તેની બહુપ્રતીક્ષિત એક્શન ફિલ્મ 'માયસા'ની રિલીઝ છેલ્લી ઘડીએ મોકૂફ રાખવામાં આવી છે, તો બીજી તરફ તેણે ભારત રત્નથી સન્માનિત મહાન કર્ણાટકી ગાયિકા એમ.એસ. સુબ્બુલક્ષ્મીની બાયોપિક માટે શાસ્ત્રીય સંગીતની તાલીમ લેવાની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા છે.

તાજેતરમાં પત્રકાર પ્રેમાની યુટ્યુબ ચેનલ પરની ખાસ વાતચીત દરમિયાન રશ્મિકાએ આ બાયોપિક 'એમ.એસ. — અ લેગસી ઓન સ્ક્રીન' અંગે દિલ ખોલીને વાત કરી હતી. સંગીત પ્રત્યેના પોતાના અનુભવ વિશે જણાવતાં તેણે કહ્યું, ''આ મારા માટે ખૂબ જ ખાસ ફિલ્મ છે. મારે હવે કર્ણાટકી સંગીત શીખવાનું શરૂ કરવું પડશે, કારણ કે હું પડદા પર માત્ર ગાવાનો ઢોંગ કરી શકું નહીં. ગાયન એવી વસ્તુ છે જે મેં મારા આખા જીવનમાં ક્યારેય કરી નથી. હું ઘરે પણ ક્યારેય કોઈ ગીત ગણગણી નથી. પરંતુ હવે આ પ્રોજેક્ટ માટે મારે ગણગણવું અને ગાવું પડશે.'' દિગ્ગજ ગાયિકાનું પાત્ર ભજવવાના દબાણ વિશે વાત કરતાં રશ્મિકાએ ઉમેર્યું કે, જ્યારે આ ફિલ્મની ઓફર તેને મળી ત્યારે તે થોડી ગભરાઈ ગઈ હતી. તેણે કહ્યું, ''શરૂઆતમાં મેં મેકર્સને કહ્યું હતું કે આ વ્યક્તિત્વ એટલું વિરાટ અને શક્તિશાળી છે કે હું તેને સ્પર્શ પણ ન કરી શકું. પરંતુ એમ.એસ. અમ્માનું જીવન એટલું સુંદર અને પ્રેરણાદાયી છે કે આવનારી પેઢી માટે તે જાણવું ખૂબ જરૂરી છે. મારી અંદર રહેલી મહત્ત્વાકાંક્ષી વ્યક્તિએ મને કહ્યું કે તારે આ પડકાર ઝીલવો જ જોઈએ. હવે હું સંગીતની આ નવી દુનિયામાં પ્રવેશવા માટે ખૂબ જ ઉત્સુક છું અને મારું સર્વશ્રેષ્ઠ આપવા તૈયાર છું.''

'જર્સી' અને 'કિંગડમ' જેવી ફિલ્મોના જાણીતા દિગ્દર્શક ગૌતમ તિન્નાનુરી આ બાયોપિકનું નિર્દેશન કરી રહ્યા છે, જ્યારે લોકપ્રિય સંગીતકાર અનિરુદ્ધ રવિચંદર ફિલ્મમાં સંગીત આપશે. સપ્ટેમ્બર ૨૦૨૬માં એમ.એસ. સુબ્બુલક્ષ્મીની ૧૧૦મી જન્મજયંતી નિમિત્તે આ ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી. બીજી તરફ, રશ્મિકાની પાન-ઈન્ડિયા એક્શન થ્રિલર ફિલ્મ 'માયસા', જે ૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની હતી, તેને રિલીઝના થોડા દિવસો પહેલાં જ મોકૂફ રાખવામાં આવી છે. નિર્માતાઓના જણાવ્યા અનુસાર, દર્શકોને મોટા પડદા પર કોઈ પણ બાંધછોડ વિના શ્રેષ્ઠ ટેકનિકલ અનુભવ આપવાના હેતુથી આ નિર્ણય લેવાયો છે. ફિલ્મની નવી રિલીઝ તારીખ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

પારડી શહેર ભાજપ સંગઠન દ્વારા સંવિધાન ગૌરવ દિવસ ઉજવણી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
પારડી, તા.૨૫

આજરોજ પારડી શહેર ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ દિવસ નિમિત્તે નગરપાલિકા ગાર્ડનમાં આવેલ પૂજ્ય ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાની સાફ-સફાઈ કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી તેમજ ગાર્ડનની સફાઈ કરી સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે પારડી શહેર ભાજપ મહામંત્રી ઝુબીન દેસાઈ, નગરપાલિકા કારોબારી ચેરમેન ચેતન ભંડારી, બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ ચાર્લિસ ભંડારી, પારડી નગરપાલિકા આરોગ્ય ચેરમેન કિરણ પટેલ, પારડી શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ મેહુલ ભરવાડ, પારડી શહેર ભાજપ યુવા મોરચા મહામંત્રી જૈનિલ દેસાઈ, શ્રેયસ પારેખ તથા નગરપાલિકાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને વાંસદા તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો

નાગરિકો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોના સમયમર્યાદામાં નિરાકરણ માટે કલેક્ટરે સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૫

જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને તાલુકા સેવા સદન, વાંસદા ખાતે તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન નાગરિકો દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ પ્રશ્નો અને રજૂઆતો અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી, તેમના યોગ્ય અને સમયસર નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા જિલ્લા કલેક્ટરે સૂચનાઓ આપી હતી.



તાલુકા સ્વાગત કાર્યક્રમ દરમિયાન પંચાયત વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સહિતના વિવિધ વિભાગોને લગતા કુલ ૧૦ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. કલેક્ટરે રજૂ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી હતી. તેમજ દરેક પ્રશ્નનું નિયમોનુસાર યોગ્ય નિરાકરણ આવે અને તેનો સમયમર્યાદામાં નિકાલ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

આ પ્રસંગે કલેક્ટર મનીષ ગુરવાનીએ જણાવ્યું હતું કે, નાગરિકોના પ્રશ્નોનું અસરકારક અને સમયસર નિરાકરણ લાવવા માટે જિલ્લા સ્વાગત અને તાલુકા સ્વાગત કાર્યક્રમોનું વિશેષ મહત્ત્વ છે. આ કાર્યક્રમો માત્ર અરજીઓની રજૂઆત પૂરતા મર્યાદિત ન રહેતાં નાગરિકોની સમસ્યાઓના નક્કર ઉકેલનું માધ્યમ બને તે માટે તમામ સંબંધિત અધિકારીઓએ સંવેદનશીલતા, જવાબદારી અને સકારાત્મક અભિગમ સાથે કામગીરી કરવી જોઈએ. વધુમાં, રજૂ થયેલી અરજીઓનો નિયમોનુસાર નિકાલ થાય તેમજ અરજદારોને તેમની રજૂઆત અંગે યોગ્ય પ્રતિસાદ મળે તે સુનિશ્ચિત કરવા પણ તેમણે ભાર મૂક્યો હતો. આ સ્વાગત કાર્યક્રમમાં મામલતદાર મીત મોદી, તાલુકા વિકાસ અધિકારી વનરાજસિંહ ચૌહાણ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

૭૨ કલાકના વિધાનસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ મંત્રી કુંવરજી બાવળિયા ૨૬ થી ૨૮ નવેમ્બર દરમિયાન વાંસદાની મુલાકાતે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૫

રાજ્ય સરકારના ૭૨ કલાકના વિધાનસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લામાં સમાવિષ્ટ ૧૭૭-વાંસદા વિધાનસભા વિસ્તારમાં આગામી તા.૨૬ થી ૨૮ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામ વિકાસ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા પધારનાર છે. જે અંતર્ગત તા.૨૭/૧૧/૨૦૨૬ ના રોજ પ્રાંત કચેરી, વાંસદા ખાતે મંત્રીના અધ્યક્ષસ્થાને જન સુનાવણી તથા જાહેર ફરિયાદ નિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૭ નવેમ્બરના રોજ મંત્રી દ્વારા વિધાનસભા મતવિસ્તારના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ, સરકારી યોજનાઓ, પડતર કામો, કાયદો અને વ્યવસ્થા તેમજ પંચાયત સેવાઓ સહિતના મુદ્દે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાશે, જેમાં સંકલનના તમામ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

બેઠક બાદ બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન પ્રાંત કચેરી, વાંસદા ખાતે મંત્રીના અધ્યક્ષસ્થાને જાહેર જન સુનાવણી અને ફરિયાદ નિવારણ કેમ્પ યોજાશે. આ કેમ્પમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ જિલ્લાના તમામ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આ કેમ્પમાં ૧૭૭-વાંસદા વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારના નાગરિકો અને અરજદારો કોઈપણ વિષય બાબતે અથવા કોઈપણ સરકારી વિભાગને લગતા પોતાના વ્યક્તિગત કે સામૂહિક પ્રશ્નો મંત્રી સમક્ષ રજૂ કરી શકશે.

જે અરજદારો અગાઉથી પોતાની અરજી આપવા માંગતા હોય તેઓ તા.૨૬/૧૧/૨૦૨૬ સુધી મામલતદાર કચેરી, વાંસદા અને ખેરગામ ખાતે પોતાની અરજી જમા કરાવી શકશે. આ ઉપરાંત, જે અરજદારો કેમ્પના દિવસે એટલે કે તા.૨૭ નવેમ્બરના રોજ રૂબરૂ આવીને રજૂઆત કરવા માંગતા હોય તેઓ પણ સીધા જ ઉપસ્થિત રહીને મંત્રી સમક્ષ પોતાની રજૂઆત કરી શકશે.

આ કેમ્પમાં રજૂ થનાર તમામ પ્રશ્નો અને રજૂઆતોની સત્તાવાર નોંધણી કરવામાં આવશે તથા વહીવટી તંત્ર દ્વારા દર અઠવાડિયે તેની સમીક્ષા કરીને પ્રશ્નોનો અંતિમ નિકાલ લાવવામાં આવશે.

જાહેર જનતાને આ કેમ્પનો મહત્તમ લાભ લેવા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે રાજ્ય સરકારની 'શાળા પરિવહન યોજના': અંતરિયાળ વિસ્તારના બાળકોને મળશે નિ:શુલ્ક પરિવહન સુવિધા

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ધોરણ-૧ થી ૧૨ સુધીના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓનો અભ્યાસ ન અટકે તે માટે વિશેષ આયોજન; કોમર્શિયલ વાહન ધારકોને રોજગારી અને સેવામાં જોડાવા આમંત્રણ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૫

રાજ્યના કોઈપણ બાળકનો અભ્યાસ માત્ર શાળાના અંતરને કારણે અટકી ન જાય તેવા ઉમદા સામાજિક અને શૈક્ષણિક હેતુથી રાજ્ય સરકારના 'સમગ્ર શિક્ષા' અભિયાન હેઠળ શાળા પરિવહન યોજના અમલમાં મૂકવામાં આવી છે. સરકારની આ પહેલ ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

આ યોજના હેઠળ વિદ્યાર્થીઓની પાત્રતા અને વાહન ચાલકો માટે વિગતો સમગ્ર શિક્ષા દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવી છે.

આરટીઈ (RTE) એક્ટ-૨૦૦૯ અને ગુજરાત આરટીઈ રૂલ્સ-૨૦૧૨ના નિયમ-૫ મુજબ, જે બાળકોના ઘરથી પ્રાથમિક શાળાનું અંતર ૧ કિ.મી. થી વધુ અને ઉચ્ચ પ્રાથમિક શાળાનું અંતર ૩ કિ.મી. થી વધુ હોય, તેવા બાળકોને ટ્રાન્સપોર્ટ સુવિધાનો લાભ મળવાપાત્ર છે.

સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કરી શકે તે માટે, જેમના રહેઠાણથી ૫ કિ.મી.થી વધુ અંતરે આવેલી સૌથી નજીકની સરકારી કે અનુદાનિત શાળામાં પ્રવેશ લીધો હોય, તેવા વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

નિયમોનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ મેળવવા માટે પોતાની સંબંધિત સરકારી પ્રાથમિક શાળા અથવા સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સંપર્ક કરવાનો રહેશે.

આ પરિવહન સુવિધામાં વાહન મૂકવા ઈચ્છુક, કોમર્શિયલ વાહન અને ફૂલ વીમો ધરાવતા વાહન ચાલકોએ પોતાની ઉમેદવારી નોંધાવવા માટે સંલગ્ન સરકારી પ્રાથમિક શાળા અથવા સરકારી તથા અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સંપર્ક કરવાનો રહેશે.

વાલીઓ, સમાજના આગેવાનો અને વિદ્યાર્થીઓને સરકારની આ કલ્યાણકારી યોજનાનો મહત્તમ લાભ લેવા તેમજ યોગ્ય લાયકાત ધરાવતા વાહન ચાલકોને આ સેવામાં જોડાઈને બાળકોના શિક્ષણ યજ્ઞમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવે છે.

જૂનાગઢમાં કિન્નર અખાડાના મહામંડલેશ્વર સ્વીટુ માતા પર જીવલેણ હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)
જૂનાગઢ,તા.૨૫

જૂનાગઢમાં કિન્નર અખાડાના જૂના અખાડાના ૧૦૦૮ અધ્યક્ષ અને મહામંડલેશ્વર ગિરનાર માતા ઉર્ફે સ્વીટુ માતા પર જીવલેણ હુમલો થયાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, સાધુ શિવગિરીએ સ્વીટુ માતા પર અચાનક હુમલો કર્યો હતો. હુમલા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, ગિરનાર માતા પર હુમલો કરનાર શિવગિરી નામનો સાધુ અગાઉ પણ અનેક ગુનાઓમાં સંડોવાયેલો હોવાની પોલીસની પ્રાથમિક માહિતી છે. હુમલાની ઘટના સામે આવ્યા બાદ જૂનાગઢના ધાર્મિક અને સાધુ સમાજમાં પણ ચર્ચા શરૂ થઈ છે. હુમલાનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પોલીસ દ્વારા ઘટનાની તમામ વિગતો એકત્ર કરવામાં આવી રહી છે અને હુમલા પાછળનું કારણ જાણવા માટે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

૭૨ કલાકના વિધાનસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત

રાજ્યમંત્રી ડૉ.જયરામભાઈ ગામીત ૨૭ થી ૨૯ નવેમ્બર દરમિયાન ગણદેવી મતવિસ્તારની મુલાકાતે

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૫

રાજ્ય સરકારના ૭૨ કલાકના વિધાનસભા પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લામાં સમાવિષ્ટ ૧૭૬-ગણદેવી વિધાનસભા મતવિસ્તારમાં આગામી તા.૨૭ થી ૨૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી ડૉ.જયરામભાઈ ગામીત પધારનાર છે. જે અંતર્ગત તા.૨૮/૧૧/૨૦૨૬ ના રોજ તાલુકા સેવા સદન, ચીખલી ખાતે મંત્રીના અધ્યક્ષસ્થાને જિલ્લા વહીવટી તંત્રની સમીક્ષા બેઠક તેમજ જન સુનાવણી અને જાહેર ફરિયાદ નિવારણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૮ નવેમ્બરના રોજ મંત્રી દ્વારા વિધાનસભા મતવિસ્તારના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સ, સરકારી યોજનાઓ, પડતર કામો, કાયદો અને વ્યવસ્થા તેમજ મ્યુનિસિપલ અને પંચાયત સેવાઓ સહિતના મુદ્દે જિલ્લા વહીવટી તંત્ર સાથે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજાશે, જેમાં સંકલનના તમામ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

બેઠક બાદ બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક દરમિયાન તાલુકા સેવા સદન, ચીખલી ખાતે મંત્રી ડૉ.જયરામભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને જાહેર જન સુનાવણી અને ફરિયાદ નિવારણ કેમ્પ યોજાશે. આ કેમ્પમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ જિલ્લાના તમામ લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

આ કેમ્પમાં ૧૭૬-ગણદેવી વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારના નાગરિકો અને અરજદારો કોઈપણ વિષય બાબતે અથવા કોઈપણ સરકારી વિભાગને લગતા પોતાના વ્યક્તિગત કે સામૂહિક પ્રશ્નો મંત્રી સમક્ષ રજૂ કરી શકશે.

જે અરજદારો અગાઉથી પોતાની અરજી આપવા માંગતા હોય તેઓ તા.૨૭/૧૧/૨૦૨૬ સુધી મામલતદાર કચેરી, ગણદેવી અને ચીખલી ખાતે પોતાની અરજી જમા કરાવી શકશે. આ ઉપરાંત, જે અરજદારો કેમ્પના દિવસે એટલે કે તા.૨૮ નવેમ્બરના રોજ રૂબરૂ આવીને રજૂઆત કરવા માંગતા હોય તેઓ પણ સીધા જ ઉપસ્થિત રહીને મંત્રી સમક્ષ પોતાની રજૂઆત કરી શકશે.

આ કેમ્પમાં રજૂ થનાર તમામ પ્રશ્નો અને રજૂઆતોની સત્તાવાર નોંધણી કરવામાં આવશે તથા વહીવટી તંત્ર દ્વારા દર અઠવાડિયે તેની સમીક્ષા કરીને પ્રશ્નોનો અંતિમ નિકાલ લાવવામાં આવશે.

જાહેર જનતાને આ કેમ્પનો મહત્તમ લાભ લેવા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

CHANGE OF NAME

I HITESHKUMAR DALPATSINH PARMAR **(OLD NAME)** RESIDING AT HOUSE NO. 143/1, OPP. BLUE STAR HOTEL, HAVELI FALIYA, NAROLI, DADRA NAGAR HAVELI, 396235 HEREBY DECLARE THAT I HAVE CHANGED MY NAME AS **HITESH PARMAR (NEW NAME).**

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899
સુરેશ ઉમતિયા - 98259 89444

નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા
ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલયની એક સ્વાયત્ત સંસ્થા
મુંબઈ સેન્ટર
પ્રવેશ સૂચના
એક વર્ષનો અભિનય અભ્યાસક્રમ (પૂર્ણ-સમય, બિન-નિવાસી)

નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, મુંબઈ સેન્ટર, જાન્યુઆરી ૨૦૨૭થી શરૂ થતા એક વર્ષના અભિનય અભ્યાસક્રમમાં પ્રવેશ માટે પાત્ર ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરે છે.

માહિતી	વિગતો
સમયગાળો	એક વર્ષ (છ મહિનાના બે સેમેસ્ટર)
પાત્રતા	12મું પાસ, ઉંમર: 18 વર્ષ અને તેથી વધુ
બેઠકોની સંખ્યા	30
અભ્યાસક્રમનો સમય	સવારે 10.00 થી સાંજે 6.00 વાગ્યા સુધી, સોમવાર થી શુક્રવાર
અરજી ફી	રૂ. 1,000/- (રિફંડપાત્ર નહીં)
અભ્યાસક્રમ ફી (એક વખતની ચુકવણી)	રૂ. 5,000/- (રિફંડપાત્ર નહીં)
સેમેસ્ટર મુજબ ફી	રૂ.3,00,000/- પ્રતિ સેમેસ્ટર (રિફંડપાત્ર નહીં)
ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ	15.12.2026
ઓડિશન/ઈન્ટરવ્યુ તારીખ	20.12.2026
કોર્ષ ફી ભરવાની છેલ્લી તારીખ	25.12.2026
કોર્ષ શરૂ	જાન્યુઆરી 2027
સ્થળ	603, દુર્ગા ચેમ્બર્સ, સીટીએસ નં. 699, ઈટીસી પ્લોટ નં. A-8, વીરા દેસાઈ રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-400058

નિર્દેશક
CBC 09130/11/0012/2627 **નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા**

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૦૮:૦૦ થી સાંજના ૦૭:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
૩૦/૧૧/૨૦૨૬ સોમવાર	ખડોલી	૬૬/૧૧ કેવી ખડોલી એસએસ સાથે જોડાયેલા તમામ ગ્રાહકો)	૬૬/૧૧ કેવી ખડોલી એસએસના તમામ ગામો/વિસ્તારોઃ ખડોલી નવાપાડા, ખડોલી ઔદ્યોગિક એસ્ટેટ, ચીંચપાડા નિમલપાડા, ચીખલી સાવરપાડા, દપાડા, વસોના, પાટી, ચીખલી, ચીંચપાડા, અંબોલી પીએચસી કેમ્પ, અંબોલી ઈન્ડસ્ટ્રીઝ, ટિનોડા, ખડોલી કારભારીપાડા, ખડોલી પટેલપાડા, ખડોલી ચાર રસ્તા, વસોના-દપાડા-ખડોલી ઈન્ડસ્ટ્રીઝ, ડીયર પાર્ક, સાતમાળિયા, અંબોલી મણીપાડા, અંબોલી બંગાળપાડા, અંબોલી ખાડીપાડા, ખડોલી ધોડીપાડા, ખડોલી કરભારીપાડા. **એક્સપ્રેસ ફીડર :** સૂરજ ઈન્ડસ્ટ્રી, મીરા કોટન, હિન્દુસ્તાન યુનિલિવર એક્સપ્રેસ ફીડર કેડીએલ, આઈપીપી (દપાડા), જય કોર્પ (ખડોલી), મેહરા પોલિટેક્સ, ડી. એન. સ્ટીલ, એમ. આઈ. એલોય્સ, જય કોર્પ (વસોણા), દપાડા, આઈટીડબલ્યુ સિગ્રોડ ઈન્ડિયા, બાલાજી કાસ્ટિંગ, શ્રી સિદ્ધિ ઈસ્ફાલ્ટ કોર્પ એક્સપ્રેસ ફીડર, બલબીર, વસોના, ટીપીએલ, શ્યામ ઈન્ગોટ્સ (કેડીએલ), ટીસીપીએલ (કેડીએલ), અભિશ્રી, કેઈઆઈ કેબલ, આઈપીપીએલ (ખડોલી), ચતુર્ભુજ એલોય, વેષ્ણો કાસ્ટિંગ્સ, સિલવાસા બોટલિંગ, નીતિન કાસ્ટિંગ, ખડોલી-૪. ૬૬ કેવી ગ્રાહકો ૬૬ કેવી સનાથન, ૬૬ કેવી સ્ટરલાઈટ (વેદાંતા લિમિટેડ), ૬૬ કેવી સુમિતા, ૬૬ કેવી ડીએનએચ સ્પિનર્સ, ૬૬ કેવી રાજ રેયોન ઈન્ડસ્ટ્રીઝ.

અસુવિધા બદલ દિલગીર છીએ

આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ તમારા પરિવારની સુરક્ષાની ખાતરી

અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો

એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



આપની સેવા માં હરહંમેશ હાજર
Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
મોટી દમણના જામપોર ઘાટ ખાતે રેલિંગ સાથેનું સ્કેટિંગ ટ્રેક પૂરૂં પાડવું.
ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_5080_1
પ્રીબીડ મીટિંગ તારીખ : 28/11/2026
ડાઉનલોડની છેલ્લી તારીખ : 02/12/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 02/12/2026
બિડ ખોલવાની તારીખ : 02/12/2026
For details please scan https://ddtenders.gov.in
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/674, Dated: 25/11/2026

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
દમણ સ્થિત પોલીસ મુખ્યાલય (PHQ) ખાતે ફર્નિચરની ખરીદી. (E-30594)
ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_5079_1
પ્રીબીડ મીટિંગ તારીખ : 28/11/2026
ડાઉનલોડની છેલ્લી તારીખ : 02/12/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 02/12/2026
બિડ ખોલવાની તારીખ : 02/12/2026
For details please scan https://ddtenders.gov.in
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/673, Dated: 25/11/2026

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
મોટી દમણના ફોર્ટ વિસ્તારમાં આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે સ્વિમિંગ પૂલ ફિલ્ટરેશન સિસ્ટમનું કામ તથા તેની સાથે સંકળાયેલ વોટરપ્રૂફિંગનું કામ.
ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_5085_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 02/12/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 02/12/2026
બિડ ખોલવાની તારીખ : 02/12/2026
For details please scan https://ddtenders.gov.in
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/672, Dated: 25/11/2026

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
મોટી દમણના ફોર્ટ વિસ્તારમાં આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે છતનું કામ.
ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_5083_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 02/12/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 02/12/2026
બિડ ખોલવાની તારીખ : 02/12/2026
For details please scan https://ddtenders.gov.in
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/671, Dated: 25/11/2026

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
મોટી દમણના ફોર્ટ એરિયા વિસ્તારમાં આવેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ગ્લાસ ફાઈબર રિઈન્ફોર્સ્ડ કોંક્રિટ (GRC)નું કામ.
ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_5082_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 02/12/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 02/12/2026
બિડ ખોલવાની તારીખ : 02/12/2026
For details please scan https://ddtenders.gov.in
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/670, Dated: 25/11/2026

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
જાહેર બાંધકામ વિભાગ - દમણ
ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના
મોટી દમણના ફોર્ટ એરિયા ખાતે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે સોના બાથ અને સ્ટીમ રૂમ, બેડમિન્ટન અને સ્કવોશ કોર્ટ ફ્લોરિંગ, છૂટક ફર્નિચર સાથે આંતરિક ફર્નિશિંગનું કામ અને અગ્નિશામક કાર્યનું કામ.
ટેન્ડર આઈડી નં. : 2026_DAMAN_5086_1
પ્રીબીડ મીટિંગ તારીખ : ---
ડાઉનલોડની છેલ્લી તારીખ : 02/12/2026
હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ : 02/12/2026
બિડ ખોલવાની તારીખ : 02/12/2026
For details please scan https://ddtenders.gov.in
કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ
No. IP/DMN/2/5/2026-27/669, Dated: 25/11/2026

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)



તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલે ઉમરગામ નગરપાલિકાની ઓચિંતી મુલાકાત લીધી

સાંસદ ધવલભાઈ પટેલે નાગરિકોને પડતી વિવિધ સમસ્યાઓ અને મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવી તેમના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા અંગે આપેલા સૂચનો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સરીગામ, તા.૨૫

વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક ધવલભાઈ પટેલે ઉમરગામ નગરપાલિકાની ઓચિંતી મુલાકાત લઈ સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ દરમિયાન નાગરિકોને પડતી વિવિધ સમસ્યાઓ અને મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા તેમજ ન.પા.ના વિવિધ અધિકારીઓ સાથે ચર્ચા કરી નાગરિકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે અને ન.પા.ની સેવાઓ વધુ સરળતાથી લોકો સુધી પહોંચે તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા.

આ પ્રસંગે નગરપાલિકાના કાઉન્સિલરો સાથે પણ નાગરિકોની સમસ્યાઓના નિરાકરણ અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાધવ, ઉમરગામ શહેર સંગઠન પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા સહિત સ્થાનિક આગેવાનો અને નગરપાલિકાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

વાપીના અભિષેક જ્વેલર્સ હુમલા કેસમાં ત્રણ આરોપીઓની ઓળખ પરેડ, ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન કરાયું

દુબઈની જેલમાં બંધ હેરી ઢીલ્લોનના ઈશારે પંજાબના શાર્પશૂટરોને હુમલાની સોપારી આપી હતી; રૂ.૫ કરોડની ખંડણીના કેસમાં રિમાન્ડ પૂર્ણ થતાં ત્રણેય આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં ધકેલાયા



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૫

વાપીના જાણીતા અભિષેક જ્વેલર્સના સંચાલક પાસે રૂ.૫ કરોડની ખંડણી માગવા અને ખંડણીની રકમ નહીં મળતાં તેમના પર હુમલો કરાવી ભયનો માહોલ ઊભો કરવાના ચકચારી કેસમાં વલસાડ પોલીસની તપાસ તેજ બની છે. દુબઈની જેલમાં બંધ હેરી ઢીલ્લોન નામના શખસે ખંડણી વસૂલવા માટે પંજાબના જુગરાજસિંહ સહિત ત્રણ શખસોને હુમલાની સોપારી આપી હોવાની વિગતો તપાસમાં બહાર આવી છે. અગાઉ આ કેસમાં વાપીમાંથી એક અને સુરતમાંથી બે મળી કુલ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

વલસાડ એસઓજી પીઆઈ દિનેશ પરમારના નેતૃત્વ હેઠળ હાથ ધરાયેલી તપાસ દરમિયાન પોલીસે કોર્ટમાંથી ત્રણેય આરોપીઓના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન વાપીના મામલતદાર સમક્ષ આરોપીઓની ઓળખ પરેડ યોજવામાં આવી હતી. આ ઓળખ પરેડમાં ત્રણેય આરોપીઓને અન્ય ૧૫ વ્યક્તિઓ સાથે કુલ ૧૮ ઇસમોની વચ્ચે ઊભા રાખવામાં આવ્યા હતા. દરમિયાન અભિષેક જ્વેલર્સના સંચાલકના નાનાએ ત્રણેય આરોપીઓને સ્પષ્ટ રીતે ઓળખી બતાવ્યા હતા. આ કાર્યવાહી તપાસમાં મહત્ત્વપૂર્ણ કડી બની છે.

ઓળખ પરેડ બાદ વલસાડ એસઓજીની ટીમે ત્રણેય આરોપીઓને સાથે રાખીને વાપીના મુખ્ય બજાર વિસ્તારમાં આવેલા અભિષેક જ્વેલર્સની બહાર ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન પંચનામું કર્યું હતું. આ દરમિયાન હુમલાની ઘટના કઈ રીતે બની હતી, જ્વેલર્સની રેકી કઈ રીતે કરવામાં આવી હતી અને હુમલાને અંજામ આપતાં પહેલાં આરોપીઓએ કઈ રીતે સમગ્ર યોજના ઘડી હતી તે અંગે સ્થળ પર ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાક્રમની વિવિધ વિગતો નોંધી પુરાવા એકત્રિત કરવાની કામગીરી હાથ ધરી હતી.

પોલીસની પૂછપરછ દરમિયાન આ ગુનામાં સંડોવાયેલા અન્ય શખસો અને તેમની ભૂમિકા અંગે પણ મહત્ત્વપૂર્ણ વિગતો મળી હોવાનું જાણવા મળ્યું છે. રૂ. ૫ કરોડની ખંડણીની માગણીથી લઈને હુમલાનું કાવતરું ઘડવા અને તેને અંજામ આપવા સુધીની તમામ કડીઓ જોડવા એસઓજીની ટીમ સક્રિય બની છે. ખાસ કરીને દુબઈમાં હોવાનું કહેવાતા હેરી ઢીલ્લોન અને સ્થાનિક આરોપીઓ વચ્ચેની કડીઓની તપાસ કરવામાં આવી રહી છે.

દરમિયાન, ત્રણેય આરોપીઓના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં તેમને વાપીની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે વધુ પોલીસ કસ્ટડી આપવાને બદલે ત્રણેય આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો હતો. હવે વલસાડ એસઓજીની ટીમ સમગ્ર નેટવર્કનો પર્દાફાશ કરવા અને આ કાવતરામાં સંડોવાયેલા અન્ય શખસો સુધી પહોંચવા વધુ તપાસ કરી રહી છે.

વાપી નૂતનનગરમાં રૂ.૧.૬૫ લાખની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો: બે આરોપી ઝડપાયા

દિલ્હીના બે શખ્સોની મેંગલુરુથી ધરપકડ બાદ વલસાડ એલસીબી અને વાપી ટાઉન પોલીસને મળી સફળતા: મુખ્ય આરોપી સામે વિવિધ રાજ્યોમાં ઘરફોડ ચોરીના ૩૦ ગુના નોંધાયા છે



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૨૫

વાપીના નૂતનનગર વિસ્તારમાં આવેલા રાધેકૃષ્ણ એપાર્ટમેન્ટમાં ગત ૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ થયેલી રૂ. ૧,૬૫,૯૦૦ની ઘરફોડ ચોરીનો ભેદ વલસાડ લોકલ ક્રાઇમ બ્રાન્ચ (એલસીબી) અને વાપી ટાઉન પોલીસે સંયુક્ત કામગીરી કરીને ઉકેલી લીધો છે. આ ચોરીના ગુનામાં સંડોવાયેલા દિલ્હી નિવાસી બે આરોપીઓને પોલીસે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

પોલીસ તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, વાપી નૂતનનગર સ્થિત રાધેકૃષ્ણ એપાર્ટમેન્ટના એક મકાનના દરવાજાનો નકુચો તોડી તસ્કરોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ ઘરમાંથી સોનાની ચેન, બ્રેસલેટ, કાનની બુટ્ટી, સોનાનો સિક્કો અને ચાંદીની પાયલ સહિત કુલ રૂ. ૧,૬૫,૯૦૦ની કિંમતના દાગીનાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે વાપી ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

ચોરીના બનાવનો ભેદ ઉકેલવા માટે પોલીસે ઘટનાસ્થળ તથા આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજની ઝીણવટભરી તપાસ કરી હતી. સાથે જ ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીઓ સુધી પહોંચવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. દરમિયાન બંને આરોપીઓની કર્ણાટકના મેંગલુરુ ખાતે અન્ય એક ઘરફોડ ચોરીના ગુનામાં ધરપકડ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. જેના આધારે વલસાડ પોલીસે બંને આરોપીઓનો કબજો મેળવી વાપીના ચોરીના ગુનામાં તેમની સંડોવણી અંગે તપાસ આગળ ધપાવી હતી.

પકડાયેલા આરોપીઓની ઓળખ દિલ્હી નિવાસી અરમાન ઉર્ફે અમન સોની (ઉં.વ. ૩૫) અને સંજીવકુમાર ઉર્ફે જોની (ઉં.વ. ૩૫) તરીકે થઈ છે. પોલીસના જણાવ્યા અનુસાર, મુખ્ય આરોપી અરમાન સોની સામે કર્ણાટક, મહારાષ્ટ્ર અને દિલ્હી સહિત દેશના વિવિધ રાજ્યોમાં ઘરફોડ ચોરીના કુલ ૩૦ ગુનાઓ નોંધાયેલા છે. આ વિગતોને પગલે આરોપી રીઢો ગુનેગાર હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

સમગ્ર કામગીરી પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી. જેમાં એલસીબી પીઆઈ એ.યુ. રોઝ, વાપી ટાઉન પીઆઈ કે.બી. ઝાલા, પીએસઆઈ જે.જી. પરમાર, પીએસઆઈ એલ.ડી. વસાવા સહિત એલસીબી અને વાપી ટાઉન પોલીસની ટીમે સંયુક્ત રીતે કામગીરી કરી હતી.

આમ, પોલીસની સતર્કતા, સીસીટીવી ફૂટેજની તપાસ અને ટેકનિકલ વિશ્લેષણના આધારે આંતરરાજ્ય ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલા બે આરોપીઓને ઝડપી પાડી વાપીની ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. હાલ બંને આરોપીઓ સામે વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જો તમે તમારાં બાળકોને સંસ્કાર નહીં આપો તો તમારી સંપત્તિ અને સંતતિ બંને ગુમાવવાનો વખત આવશે

આપણે બાળકોને સફળ કેવી રીતે બનવું, સ્પર્ધામાં કેવી રીતે આગળ વધવું, લક્ષ્યો કેવી રીતે પ્રાપ્ત કરવાં અને કારકિર્દી કેવી રીતે બનાવવી તે શીખવીએ છીએ. પરંતુ સારા માનવી કેવી રીતે બનવું, તણાવ અને સમસ્યાઓનો સામનો કેવી રીતે કરવો, સંબંધો કેવી રીતે નિભાવવાં અને જીવનમાં સુખી કેવી રીતે રહેવું તે શીખવવાનું ઘણી વાર ભૂલી જઈએ છીએ. તેમને આપણી સંસ્કૃતિ, સમૃદ્ધ વારસો, મૂલ્યો અને જીવનના હેતુનો પરિચય કરાવવો પણ એટલો જ જરૂરી છે

૨૩ ઑગસ્ટ, ૨૦૨૩ના રોજ ચંદ્રયાન-૩નું વિક્રમ લેન્ડર ચંદ્રના દક્ષિણ ધ્રુવીય પ્રદેશની નજીક સફળતાપૂર્વક ઊતર્યું. આ સિદ્ધિ સાથે ભારત ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરનાર વિશ્વનો ચોથો દેશ અને ચંદ્રના દક્ષિણ ધ્રુવીય પ્રદેશમાં ઊતરનાર પ્રથમ દેશ બન્યો.

લેન્ડરનું નામ ગુજરાતી વૈજ્ઞાનિક ડૉ.વિક્રમ સારાભાઈના માનમાં રખાયેલું તે જગજાહેર છે.

ડૉ. વિક્રમ સારાભાઈ ભારતીય અવકાશ કાર્યક્રમના સ્થાપક પિતા ગણાય છે. તેમણે ૧૯૬૨માં INCOSPARની સ્થાપના અને અવકાશ સંશોધનને દિશા આપવામાં આગેવાની લીધી. ત્યારપછી ૧૫ ઑગસ્ટ ૧૯૬૯ના રોજ ISROની સ્થાપના થઈ.

ડૉ. વિક્રમ મૂળ અમદાવાદના. તેમના પિતાશ્રી અંબાલાલ સારાભાઈ ગુજરાતના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ સમાજસેવક અને કેળવણીપ્રેમી હતા. તેમનો પરિવાર ભારતીય સંસ્કૃતિના સંસ્કારોથી સમૃદ્ધ હતો. પોતાનાં બાળકોના જીવનમાં સંસ્કારનું સિંચન કરવામાં તેમણે કોઈ કસર રાખી નહોતી.

એક ઉદ્યોગપતિ તરીકે તેમના ઘરે અવારનવાર વિદેશી મહેમાનોની અવરજવર રહેતી. તેમના આતિથ્ય માટે વિદેશી દારૂ પીરસવામાં આવતો. પરંતુ અંબાલાલ અને તેમનો પરિવાર દારૂનો સ્પર્શ પણ નહીં કરતાં. નોકરો દ્વારા જ બધો વ્યવહાર કરાતો.

એકવાર કુતૂહલતાથી તેમની પુત્રી લીના અને વિક્રમે દારૂની પ્યાલીમાં આંગળી બોળીને દારૂ ચાખી જોયો! આ વાતની જાણ અંબાલાલભાઈ અને તેમનાં પત્નીને થતાં તેમણે નોકરોને ઠપકો આપ્યો. પરંતુ તેઓ માત્ર નોકરોને ઠપકો આપીને અટકયા નહીં. તે દિવસથી તેમના ઘરમાં વિદેશી મહેમાનો માટે પણ દારૂ પીરસવાનું બંધ કરી દેવામાં આવ્યું!

તેઓ એવું દૃઢપણે માનતા કે ''જે માખી મારે તે માણસ મારે!''



એક વાર બાળકો ખોટી દિશામાં ચડી જાય તો તેના જવાબદાર માતાપિતા છે. એક સંસ્કારી માતા સો સારાં શિક્ષકોની ગરજ સારે.

બાળકોના ઉછેરમાં સજાગતા એટલે માત્ર તેમને ઉપદેશ આપવો નહીં, પરંતુ તેમના નાના કુતૂહલ અને વર્તનની અસરોને પણ સમજવી.

આ પ્રસંગની સૌથી સુંદર વાત એ છે કે અંબાલાલભાઈએ બાળકોને ઠપકો આપવાની જગ્યાએ ઘરના વાતાવરણમાં જ પરિવર્તન કર્યું. આ જ સાચા વાલીપણાની કસોટી છે.

બાળકને સારા બનવાનું કહેવું સહેલું છે; પરંતુ બાળકને સારું બનવામાં મદદરૂપ થાય એવું વાતાવરણ સર્જવું એ માતાપિતાની સાચી જવાબદારી છે.

પિતા અંબાલાલ સારાભાઈએ ધરતી પર ઉદ્યોગોનું સામ્રાજ્ય ઊભું કર્યું, તો પુત્રી ડૉ.વિક્રમ સારાભાઈએ ભારતને ચંદ્ર સુધી પહોંચવાનાં સ્વપ્નો જોવાની અને સાકાર કરવાની દિશા આપી! આ બે પેઢીઓની સિદ્ધિઓ વચ્ચે એક અદૃશ્ય કડી હતી—સંસ્કારનું સિંચન!

આજકાલ માતાપિતા સંસ્કારને ગૌણ સમજી પોતાના બાળકોને આધુનિકતાની નિસરણી પર ચઢાવવા એટલાં ઉત્સુક હોય છે કે સંસ્કારનું પગથિયું ચૂકાઈ જતા જીવનને જોખમમાં મૂકી દે છે.

બાળકોને બધી જ સ્વતંત્રતા આપવી એ આધુનિકતા નથી. સ્વતંત્રતાની સાથે યોગ્ય મર્યાદાઓ અને જવાબદારીનો પરિચય કરાવવો એ પણ માતાપિતાની ફરજ છે.

બાળકોને આપણે જેવું બનવાનું કહીએ છીએ તેના કરતાં આપણે જેવું જીવીએ છીએ અને ઘરમાં જેવું વાતાવરણ સર્જીએ છીએ તેની અસર તેમના જીવન પર વધારે પડે છે.

સ્વૈચ્છિક નિવૃત્તિ લેનારાં IAS અધિકારી દિવ્યા મિત્તલ તેમની IIT દિલ્હીથી IIM બેંગ્લોર અને IAS સુધીની યાત્રા વર્ણવતાં લખે છે:

''મને મારા દેશ દ્વારા આપવામાં આવતું શ્રેષ્ઠ શિક્ષણ મળ્યું. તેણે મને મુશ્કેલ પરીક્ષાઓ કેવી રીતે પાસ કરવી અને મોટી જવાબદારીઓનું સંચાલન કેવી રીતે કરવું તે શીખવ્યું. પરંતુ તેણે મને ક્યારેય મારા પોતાના મનને શાંત કરવાનું કે એકલતાને કેવી રીતે સંભાળવું તે શીખવ્યું નહીં. આપણે ઘણા વર્ષો સુધી કેવી રીતે પ્રાપ્ત કરવું તે શીખવામાં વિતાવીએ છીએ, પરંતુ એક પણ દિવસ ખુશ કેવી રીતે રહેવું તે શીખવામાં નથી.''

આપણે બાળકોને સફળ કેવી રીતે બનવું, સ્પર્ધામાં કેવી રીતે આગળ વધવું, લક્ષ્યો કેવી રીતે પ્રાપ્ત કરવાં અને કારકિર્દી કેવી રીતે બનાવવી તે શીખવીએ છીએ. પરંતુ સારા માનવી કેવી રીતે બનવું, તણાવ અને સમસ્યાઓનો સામનો કેવી રીતે કરવો, સંબંધો કેવી રીતે નિભાવવાં અને જીવનમાં સુખી કેવી રીતે રહેવું તે શીખવવાનું ઘણી વાર ભૂલી જઈએ છીએ. તેમને આપણી સંસ્કૃતિ, સમૃદ્ધ વારસો, મૂલ્યો અને જીવનના હેતુનો પરિચય કરાવવો પણ એટલો જ જરૂરી છે.

બાળકોને સંસ્કાર આપવા હોય તો વાતાવરણ પણ સંસ્કારમય બનાવવું પડે.

પ્રમુખસ્વામી મહારાજ ઘણી વખત વાલીઓને મીઠી ટકોર કરતાં: ''જો તમે તમારાં બાળકોને સંસ્કાર નહીં આપો તો તમારી સંપત્તિ અને સંતતિ બંને ગુમાવવાનો વખત આવશે.''

સંસ્કારનું સિંચન જ સાચા જીવનઘડતરનો પાયો છે.

લાયબ્રેરીમાં અભ્યાસ કરતા યુવાનો સાથે સંવાદ કરતા તેમની રજૂઆતના પગલે

નવસારી જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાનીએ ૩.૩૦ લાખના ખર્ચે નવી લાયબ્રેરીના નિર્માણને આપેલી મંજૂરી

નવસારી જિલ્લા કલેક્ટર મનિષ ગુરવાનીએ વાંસદાના પીપલખેડ ગામની આકસ્મિક મુલાકાત લીધી









(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
નવસારી, તા.૨૫

નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ વાંસદા તાલુકાના પીપલખેડ ગામની આકસ્મિક મુલાકાત લઈ ગામમાં ચાલી રહેલી વિકાસલક્ષી કામગીરી, પાયાની સુવિધાઓ અને સરકારી યોજનાઓના અમલીકરણની સ્થળ પર સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી.

મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટરે સૌપ્રથમ ગ્રામ પંચાયતની મુલાકાત લઈ ગામની વસ્તી, આંગણવાડીઓ અને શાળાઓની સંખ્યા, તેમની સ્થિતિ તથા ઉપલબ્ધ સુવિધાઓ અંગે વિગતો મેળવી હતી. નાણાપંચની ગ્રાન્ટ, તેના હેઠળ હાથ ધરવામાં આવેલા વિકાસકામો, ગૌચરની જમીનની સ્થિતિ અને વિવિધ સરકારી યોજનાઓના અમલીકરણની સમીક્ષા કરી હતી. ગ્રામજનો પાસેથી રાજ્ય સરકાર દ્વારા નિયત કરાયેલી ફી કરતાં વધુ ફી વસૂલવામાં ન આવે તેની તકેદારી રાખવા સૂચના આપી હતી. અન્ય વિભાગોને લગતા પ્રશ્નો અને સમસ્યાઓનું પણ સમયસર નિરાકરણ લાવવા અધિકારીઓને જણાવ્યું હતું. ત્યારબાદ કલેક્ટરે આયુષ્માન આરોગ્ય મંદિરની મુલાકાત લઈ આરોગ્યલક્ષી રજિસ્ટરોની ચકાસણી કરી હતી. સગર્ભા મહિલાઓની આરોગ્ય સ્થિતિ, હાઈ રિસ્ક અને વેરી હાઈ રિસ્ક પ્રેગ્નન્સી ધરાવતી મહિલાઓની સંખ્યા તથા તેના કારણો અંગે વિગતો મેળવી હતી. મહિલાઓને આપવામાં આવતી દવાઓ અને મમતા દિવસ દરમિયાન આરોગ્ય સેવાઓનો લાભ લેવા આવતી મહિલાઓની હાજરીની પણ સમીક્ષા કરી હતી.

સગર્ભા મહિલાઓને સમયસર અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ મળી રહે તે સુનિશ્ચિત કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત કલેક્ટરે લાયબ્રેરીની મુલાકાત લઈ અભ્યાસ કરતા યુવાનો સાથે સંવાદ કર્યો હતો. યુવાનો કઈ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે તેની જાણકારી મેળવી તેમને મહેનત અને સતત અભ્યાસ દ્વારા સફળતા મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા. આ દરમિયાન વિદ્યાર્થીઓએ લાયબ્રેરીમાં વધુ સારી અભ્યાસલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગે રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાને લઈ જિલ્લા કલેક્ટરે રૂ.૩૦ લાખના ખર્ચે નવી લાયબ્રેરીના નિર્માણને મંજૂરી આપી હતી, જેથી યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે વધુ સુવિધાયુક્ત અને સાનુકૂળ અભ્યાસનું વાતાવરણ મળી રહે.

આ મુલાકાત દરમિયાન તાલુકા વિકાસ અધિકારી વનરાજસિંહ ચૌહાણ, મામલતદાર મીત મોદી, સરપંચ, સંબંધિત વિભાગોના અધિકારીઓ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.